સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

વર્ષ : ૪૮ અંક : ૧૮૮ જૂનાગઢ તા.૨૨-૦૭-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 188, Junagadh : Date : 22 July, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay




## સૌરાષ્ટ્ર વિસ્તારમાં અતિવૃષ્ટિ

# ઉપલેટાના લાઠ ગામે આભ ફાટયું : બે કલાકમાં સાંબેલાધારે ૧૧ ઈંચ ખાબકયો : કેશોદના શેરગઢમાં ૧૦ ઈંચ

રાજકોટ-જૂનાગઢ તા.૨૨

સૌરાષ્ટ્ર વિસ્તારમાં મેઘરાજા છેલ્લા એક અઠવાડીયા કરતા વધુ સમયથી તોફાની બેટીંગ કરી રહ્યા છે અને અતિવૃષ્ટીની સ્થિતિ સર્જાઈ રહી છે. અનરાધાર વરસાદને કારણે જનજીવન પર વ્યાપક અસર પડી છે. સૌરાષ્ટ્ર - દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. ઉપલેટાના લાઠ ગામે આભ ફાટ્યું છે. બે કલાકમાં અંદાજે ૧૧ ઈંચ વરસાદથી ગામની બજારોમાં નદીઓ વહેતી થઈ છે. તો બીજી તરફ કેશોદના શેરગઢમાં પણ જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થયું છે. શેરગઢમાં ૧૦ ઈંચ વરસાદ પડયો હોવાના અહેવાલો છે. શેરગઢની નદીમાં ઘોડાપૂર આવ્યું છે. તેમજ પુલમાં ગાબડું પડતાં ગામનો મુખ્ય રસ્તો બંધ થયો છે. માણાવદરનું જીંજરી ગામ બેટમાં ફેરવાયું છે. તેમજ ગીર ગઢડામાં પણ વરસાદને પગલે નદી-નાળા છલકાયા છે.

માણાવદરનું જીંજરી ગામ બેટમાં ફેરવાયું છે. ગામના પાદરમાં પાણી ઘૂસી ગયા હતા. લોકોની અવરજવર બંધ થઈ ગઈ છે.

કેશોદમાં ધોધમાર વરસાદથી ફરી તબાહી મચી છે. ત્યારે કેશોદના શેરગઢમાં નદીઓમાં ઘોડાપૂર આવ્યાં છે. તો નદીમાં પૂર આવતા પૂલમાં ગાબડા પડ્યા છે. જેને પગલે લોકોને હાલાકી પડી રહી છે. વધુ વરસાદ પડવાના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસ્યા છે. શેરગઢનો રોડ આવક જાવક માટે બંધ થયો છે. ગામમાં વધુ વરસાદ પડવાના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. ગામના નીચાણવાળા વિસ્તારોમાં વધુ વરસાદ પડવાના કારણે ઘરમાં પાણી ઘૂસ્યા છે જેને લઈ ૧૫ વ્યકિતઓને શાળામાં આશરો અપાયો છે. જૂનાગઢ જિલ્લામાં આજે ફરી વરસાદ વરસ્યો છે. ખાસ કરીને કેશોદમાં વહેલી સવારે બે કલાકમાં બે ઈંચ વરસાદ ખાબકયો હતો. જેથી અનેક જગ્યાએ પાણી ભરાયા હતા. રસ્તા પર પાણી ભરાઈ જતા વાહન ચાલકો તેમજ રાહદારીઓને હાલાકી પડી હતી.

### સંસદના બજેટ સત્રનો ઝંઝાવાતી પ્રારંભ : નીટ મામલે હોબાળો

# આવતીકાલે બજેટ-આજે આર્થિક સર્વેક્ષણ રજુ થશે



નવી દિલ્હી, તા.૨૨ :

સંસદના બજેટ સત્રનો આજથી ઝંઝાવાતી પ્રારંભ થયો છે. બજેટ સત્રના પ્રારંભે જ લોકસભામાં નીટની પરીક્ષામાં ગોટાળા મામલે વિપક્ષે સરકાર પર પસ્તાળ પાડી છે. દરમ્યાનમાં આજે નાણામંત્રી નિર્મલા સીતારમણ સંસદમાં આર્થિક સર્વેક્ષણ રજુ કરશે જ્યારે આવતીકાલે સામાન્ય બજેટ રજુ કરશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે સંકેત આપ્યો છે કે બજેટમાં મહિલાઓ, ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારો પર ભાર મૂકવામાં આવી શકે છે. કર્મચારીઓ, વેપારીઓ અને વિદ્યાર્થીઓ સહિત દરેક વર્ગના લોકો બજેટમાંથી રાહતની અપેક્ષા રાખી રહ્યા છે.

મોદી સરકાર ૩.૦ ના પ્રથમ સામાન્ય બજેટથી તમામ વર્ગના લોકોને ઘણી અપેક્ષાઓ છે. દેશની અર્થવ્યવસ્થા રોકેટ ગતિએ વધી રહી છે. કેન્દ્રમાં ભાજપને પૂર્ણ બહુમતી ન મળવાને કારણે બદલાયેલા રાજકીય સંજોગોમાં આ વર્ષે લોકપ્રિયતાવાદી ઘોષણાઓની નિષ્ણાતો અપેક્ષા રાખે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે સંકેત આપ્યો છે કે બજેટમાં મહિલાઓ, ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારો પર ભાર મૂકવામાં આવી શકે છે.


હરસ, ભગંદર, ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા - પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૪૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર



ડૉ. દિપેન જે. સુબા
(M.P.T., MIAP, D.Y.T., D(Ac), C.D.N., C.M.S. & ED), Fellowship in Arthritis & Musculoskeletal Pain (USA)
ભારત અને અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલનો અનુભવ મેળવી ક્લીનીકલ પ્રેક્ટીસમાં કાર્યરત
Disable to Able...
॥ આદિત્ય ॥ ક્લીનીક
ચોમાસામાં થતા સાંધા, વા, કમર તેમજ સ્નાયુના દુઃખાવાથી પરેશાન ?
આપની સમસ્યાનું સમાધાન છે અમારી પાસે..
ઓર્થોપેડીક દુઃખાવા, સાંધાનાં વા + સ્નાયુ/માસપેશીના દર્દો, કમર/ગરદન, હાથ/પગ, ગોઠણ/ખંભા, રગ/નસ, મણકા/ગાદી માટે સચોટ સારવાર.
: સમય : સવારે ૧૦ થી સાંજે ૮
પરબનો ઉતારો, ગ્રાઉન્ડ ફ્લોર, પોલીસ લાઇન સામે, જયશ્રી ફાટક પાસે, જૂનાગઢ. Ph. : 0285-2621555 M. 94294 55525



ડોકટરનાં લેબોરેટરીમાં પહેરી શકાય તેવા કોટ રૂા.૧૦૦/- માં...
દરેક સ્કુલ યુનિફોર્મના
પેન્ટ માત્ર રૂા.૧૦૦/-
શર્ટ માત્ર રૂા.૧૦૦/-
કોટી માત્ર રૂા.૧૦૦/-
સ્કુલ યુનિફોર્મના કુર્તા અને પેટીકોટ રૂા.૨૦/- માં પાણીના ભાવે મળશે.
તેમજ અન્ય કાપડમાં ૫૦% વળતર મળશે
બોમ્બે બજાર
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો





Tunwal
Tunwal E-Vehicle
Ride Along with us To The Future!
Tunwal E-Motors Private Limited






સ્ટુડન્ટને રૂા. ૧૨૦૦૦/- રાજય સરકાર તરફથી સબસીડી મળવાપાત્ર
SHREEJI E-BIKE
Applewood Township, Cristal-B, Opp. Anjani Petrol Pump, Vanthali Road, Junagadh. Mo. 99746 20698, 98241 89639



PRAMUKH ebike
All Electric Bike Sales and Service
NIJ
સામાન્ય મધ્યમવર્ગ તેમજ ખેડુતો, ડિલીવરીમેન, ધંધાર્થીઓ તેમજ વિદ્યાર્થીઓ માટે ઉત્તમ તક...





વિશેષતાઓ :-
સરળ હપ્તાની લોન પર આજે જ વસાવો અને તમારી સવારીને ઈકોફ્રેન્ડલી બનાવો
● નોર્મલ પ્લગમાં ચાર્જીંગ કરી શકો.
● ડીઝીટલ ડીસ્પ્લે.
● ટ્યુબલેસ ટાયર
● હેવી ડ્યુટી ચોઈસ
● સ્ટાઈલીસ ટ્રેન્ડી લુક
● સરળ કી-લેસ ઓપરેટીંગ
● ડ્યુઅલ હાઈડ્રોલીક સસ્પેન્શન
● સેન્ટ્રલ લોક સીસ્ટમ
● એન્ટી થેફ્ટ સાયરન ઉપલબ્ધ
● ક્રુઝ કન્ટ્રોલ
● રીવર્સ મોડ
● યુ.એસ.બી. મોડ
● વિશાળ લેગ રૂમ
Shop No. 3, 4, 5, 14, Cristal Complex, Applewood Society, Opp. Anjali Petrol Pump, Vanthali Road, Madhuram, Junagadh-362 001.
Office: +91 83202 08903, +91 90890 90490 | E-mail : pramukhebike@yahoo.com

### ગુરૂવર્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના પાવન સાનિધ્યમાં

# બી.એ.પી.એસ. સંસ્થાના ગાદીસ્થાન તીર્થધામ બોચાસણ ખાતે ગુરૂપૂર્ણિમા ઉત્સવની ભવ્ય ઉજવણી

## 'ગુરૂની આજ્ઞા પાળવી અને ગુરૂમાં નિર્દોષબુદ્ધિ રાખવી એ ગુરૂપૂજન.' : પ.પૂ.મહંતસ્વામી મહારાજ : દેશ અને વિદેશના ૬૦,૦૦૦થી વધુ હરિભક્તોએ ગુરૂપૂર્ણિમાની સભાનો લાભ લીધો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૨

અષાઢી પૂર્ણિમાનો દિવસ ભગવાન વેદવ્યાસજીની સ્મૃતિરૂપે વ્યાસપૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. બોચાસણ સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે અષાઢી પૂર્ણિમા ગુરૂપૂર્ણિમાનો ઉત્સવ તા.૨૧ જુલાઈ ૨૦૨૪ રવિવારના રોજ પરંપરાગત રીતે ગુરૂવર્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના પાવન સાનિધ્યમાં ભવ્યતા અને દિવ્યતાથી ઉજવાયો હતો. વહેલી સવારે પ.પૂ.મહંતસ્વામી મહારાજે મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી ગુરૂશિખરોમાં ગુણાતીત ગુરૂપરંપરાની મૂર્તિઓના દર્શન કરી પ્રાર્થના કરી હતી. આ પવિત્ર દિવસે ગુરૂના દર્શન તથા ગુરૂભક્તિ અદા કરવા સમગ્ર દેશ-વિદેશના હરિભક્તો અને ભાવિકો ખૂબ મોટી સંખ્યામાં પધાર્યા હતા. ઉપરાંત ઘણા હરિભક્તોએ પદયાત્રા, સાયકલયાત્રા કરીને પણ વિશિષ્ટ ગુરુભક્તિ અદા કરી હતી. સવારે ૮:૩૦ વાગ્યે મંદિર પરિસરના વિશાળ સભાગૃહમાં નિર્ધારિત સમય અનુસાર ધૂન-પ્રાર્થના-સ્તુતિ દ્વારા ગુરુપૂર્ણિમા ઉત્સવની સભાની શરૂઆત થઈ હતી. મહાન પુરૂષો સાચા ગુણાતીત ગુરૂની ઓળખાણ માટે ત્રણ મુદ્દા સમજાવે છે. (૧) ગુરૂના ગુરૂનું વર્તન, (૨) ગુરૂનું પોતાનું વર્તન અને (૩) વર્તમાન ગુરૂના સંગ થકી જે થયા હોય તેને જાણવા. આ ત્રણ રીતે ગુરૂની તપાસ કરીને પછી ગુરૂ કરવા જોઈએ. જે આજના ગુરૂ પૂર્ણિમા ઉત્સવનો મધ્યવર્તી વિચાર હતો. પૂજ્ય અનિર્દેશ સ્વામીએ તેઓના વક્તવ્યમાં ''ગુરૂના ગુરૂની ગાથા'' અંતર્ગત જણાવ્યુ હતું કે ''આધ્યાત્મિક સાધનામાં ગુણાતીત ગુરૂની અનિવાર્યતા છે. જે ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરૂપરંપરામાં પ્રગટપણે અનુભવાય છે, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના જીવનમાં સહજ અહંશૂન્યતા, સ્થિતપ્રજ્ઞતા, પોતાના આશ્રિત ભક્તોના દોષો-સ્વભાવો દૂર કરવા, બ્રાહ્મીસ્થિતિ પમાડવી, અંતકાળે ભગવાનના ધામની પ્રાપ્તિ કરાવવા રૂપ અપાર સામર્થ્યને સૌએ અનુભવ્યું છે.'' પૂજ્ય આદર્શજીવન સ્વામીએ ''ગુરૂની ગુણ ગાથા'' વર્ણવતા જણાવ્યુ હતું કે વર્તમાન ગુરૂ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના જીવનમાં રહેલ ભગવાન પ્રત્યેની નિષ્કામ ભક્તિ, અહંશૂન્યતા, નમ્રતા, સૌનું ભલું કરવાની ભાવના, ભગવાનના કર્તાપણાના અનુસંધાન વિષયક વિવિધ પ્રસંગોને નિરુપ્યા હતા. જેના પરિપ્રેક્ષમાં દ્રશ્ય શ્રાવ્ય માધ્યમ દ્વારા મહંતસ્વામી મહારાજના દિવ્ય જીવન-કાર્યની પરિચયાત્મક ગાથા સ્ક્રીન ઉપર રજૂ થઈ હતી. સદગુરૂવર્ય સંત પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીએ તેઓના વક્તવ્યમાં ભગવાન સ્વામિનારાયણના જીવન - કાર્યનું નિરૂપણ કરીને ગુણાતીત સંતોની પરંપરા દ્વારા ભગવાન સ્વામિનારાયણ પ્રગટ છે એ વાત દોહરાવી હતી. પૂજ્ય આનંદસ્વરૂપ સ્વામીએ રસાળ શૈલીમાં ''ગુરૂના શિષ્યોની ગાથા'' અંતર્ગત સદગુણી શિષ્ય સમુદાયના પ્રેરક પ્રસંગો વર્ણવ્યા હતા. જીવનના વિપરીત સંજોગોમાં ઘણા હરિભક્તો સત્સંગની સમજણ, નિયમ ધર્મ, અને નિષ્ઠા સાથે જીવન જીવે છે. નાના બાળકો-બાળકીઓ, યુવાનો-યુવતીઓ દેશ-પરદેશમાં રહીને પણ નીતિમય - સત્સંગમય જીવન જીવે છે. બી.એ.પી.એસ. સંસ્થાના સંતો દેશ પરદેશમાં રહીને ભગવાન અને ગુરુને કેન્દ્રમાં રાખીને પ્રેરણાત્મક જીવન જીવીને સત્સંગ સમાજ, દેશ અને સમાજને ઉપયોગી થાય તેવા કાર્યો પ્રદાન કરે છે. સદગુરૂ સંતોનું જીવન સૌના આદર્શ સમાન છે એ વિષયક પ્રસંગો વર્ણવ્યા હતા. આમ એક આદર્શ ગુરૂ આદર્શ સમુદાયનું નિર્માણ કરે છે જેની આજે અનુભૂતિ થાય છે. આ પ્રસંગે સદગુરૂવર્ય સંત પૂજ્ય (કોઠારી) ભક્તિપ્રિય સ્વામીએ આપણે ગુરૂનું પૂજન કેવી રીતે કરીશું અને આદર્શ શિષ્ય કેવી રીતે બનીશું એ વિષયક માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યુ કે, 'આપણને જ્યારે ગુણાતીત ગુરૂ મળ્યા છે ત્યારે યોગીજી મહારાજે યોગીગીતામાં જ કહ્યું છે કે ગુરૂને વિષે નિર્દોષબુદ્ધિ એ જ ગુરૂપૂજન છે.' વરિષ્ઠ સદગુરૂવર્ય સંત પરમ પૂજ્ય ડોક્ટર સ્વામીએ પ્રાસંગિક આશીર્વાદમાં જણાવ્યુ હતું કે, 'આદી ગુરૂ અને આચાર્ય ભગવાન વેદવ્યાસે સર્વ શાસ્ત્રના સાર રૂપે 'જીવનનું ધ્યેય ભગવાન છે' એમ જણાવ્યુ છે. આ સાથે ગુરૂનો મહિમા 'ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ' એમ પણ છે જે ગુણાતીત ગુરુનો મહિમા છે.' જણાવ્યું ત્યારબાદ વરિષ્ઠ સંતોએ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ.પૂ.મહંતસ્વામી મહારાજનું પૂજન કર્યું હતું, અને સ્વામીશ્રીને પુષ્પહાર પહેરાવી ગુરુભક્તિ અદા કરી હતી.



ચરોતર પ્રદેશના તમામ વરિષ્ઠ સંતોએ પણ સ્વામીશ્રીને પુષ્પહાર પહેરાવી ભક્તિ અદા કરી હતી. ઉત્સવ સભામાં ઉપસ્થિત સૌ હરિભક્તોએ પણ મંત્ર પુષ્પાંજલી દ્વારા સ્વામીશ્રીને વધાવ્યા હતા. આ પ્રસંગે ગુરૂહરિ પ.પૂ.મહંતસ્વામી મહારાજે આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે, 'ગુરૂની આજ્ઞા પાળવી અને ગુરૂમાં નિર્દોષબુદ્ધિ રાખવી એ ગુરૂપૂજન. ગુરૂપુનમ છે તો સૌ તને, મને ધને સુખી થાય. બધાને પરસ્પર પગે લાગીએ, આદર આપીએ. એ ગુરુ પૂજન થયું કહેવાય.' આ પ્રસંગે સાંસદઓ અને ધારાસભ્યઓ પણ ઉપસ્થિત રહી ગુરૂહરિ પ.પૂ.મહંતસ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ગુરૂપૂર્ણિમાની સભામાં દેશ અને વિદેશના મળી કુલ ૬૦,૦૦૦ જેટલા હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા જેમની વ્યવસ્થામાં સ્થાનિક સંતોના માર્ગદર્શન મુજબ ૫૦૦૦ જેટલા સ્વયંસેવકો સેવામાં જોડાયા હતા.

# જૂનાગઢ ગીરનાર અંબાજી મંદિર અને દત શીખરના મહંત તનસુખગીરી બાપુ દ્વારા ભીડભંજન મહાદેવ મંદિર ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવવાયો

## સમાધિ પૂજન અને મહાપ્રસાદનું અનેરૂ આયોજન





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ ગુરૂપુર્ણીમાના પાવન પર્વ પ્રસંગે ગીરનાર દત્ત શીખર અને શક્તિ પીઠઅંબાજી મંદિરના શ્રી મહંત દ્વારા ભીડભંજન મહાદેવ મંદિર ખાતે મોટા પીરબાવા પુજય તનસુખગીરીબાપુના સાનિધ્યમાં ગુરૂ પૂજનનો ધાર્મિક કાર્યક્રમ ભાવપૂર્ણ રીતે ઉજવાયો હતો. જેમાં ગુરૂ શ્રી દત્ત ગીરી મહારાજની સમાધીનું પૂજન અને ભીડભંજન મહાદેવ ખાતે હરીહર પ્રસાદનો અનેરો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાવિકો ભક્તોએ ભોજન લીધું હતું.

# દ્વારકા શારદાપીઠ ખાતે ગુરૂપૂર્ણીમાં ઉત્સવ નિમીતે શ્રીદ્વારકાધીશજીના શિખર ઉપર નૂતન ધ્વજા આરોહરણ

(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૨૨







દ્વારકા શારદાપીઠ ખાતે ગુરૂપૂર્ણિમા ઉત્સવ શ્રીશારદાપીઠ, શંકરાચાર્ય મઠ - દ્વારકામાં સંપન્ન થયો હતો. આ ઉત્સવ નિમિત્ત ગુરૂગાદી ખાતે ભગવાન આદ્ય શંકરાચાર્યજીનું પાદુકા પૂજન તથા ભગવાન શ્રીદ્વારકાધીશજીના શિખર ઉપર નૂતન ધ્વજા આરોહરણ તથા સંતોના આશીર્વાદ સહ આ ઉત્સવ ઉજવામાં આવ્યો. ઉત્સવમાં તમામ સનાતન ધર્માનુરાગીએ આદ્ય શંકરાચાર્યજીના આશીર્વાદ તથા સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# દ્વારકામાં ગુરૂપૂર્ણીમા નિમીતે ગોમતી સ્નાન અને દ્વારકાધીશજીના દર્શને ભક્તો ઉમટ્યા

## વહેલી સવારે જગત મંદિર ખુલ્તા છપ્પનસિડી સ્વર્ગ દ્વારે ભાવિકોની લાગી









(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૨૨

યાત્રાધામ દ્વારકામાં અષાઠ સુદ પુન(ગૂરૂપૂર્ણીમા)ના દિવસે ગોમતી સ્નાન તેમજ દ્વારકાધીશજીના દર્શન કરવા ભાવિકોનૂં ઘોડાપુર ઉમટી પડ્યું હતું. વહેલી સવારથી પવિત્ર ગોમતી ધાટે સ્નાન કરવા તેમજ મંદિર પરીસર મોક્ષ દ્વાર અને છપ્પન સિડી સ્વર્ગ દ્વાર પાસે શ્રીજીના દર્શન કરવા ભાવિકોની લાંબી કતારો લાગી હતી. ગુરૂ પુનમ નિમીતે વારદાર પુજારી દ્વારા દ્વારકાધીશજીને અલૌકિક શણગારની ઝાખી કરવામાં આવી હતી. જગત મંદિર પરીસમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ભાવિકો દુર દુર વહાનોમાં દ્વારકાધીશ જગત મંદિરે પુંનમ ભરવા પહોચ્યા હતા. સંખ્યાબંધ ભક્તોએ ગૂરૂપૂર્ણિમાને દિન કાળિયા ઠાકોરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# વંથલીના ધંધુસર ગામે ઉછીના પૈસાની ઉઘરાણી કરતા મહિલા સહિત ત્રણે મારમાર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) વંથલી તા.૨૨

વંથલી તાલુકાના ધંધુસર ગામે ઉછીના આપેલ પૈસાની ઉઘરાણી કરતા દંપતિ સહિત ત્રણે મારમાર્યાની ફરીયાદ વંથલી પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે સરમણભાઈ લખુભાઈ થાપલીયાએ ફરીયાદમાં આરોપી તરીકે મેરામણભાઈ અરજણભાઈ ઓડેદરા, કિરણબેન મેરામણભાઈ ઓડેદરા અને પુંજાભાઈ સરમણભાઈ મુળીયાસીયા રહે.તમામ ધંધુસરવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ મેરામણભાઈને રૂ.૨૫૦૦૦ હાથ ઉછીના આપેલ હોય જેમાંથી રૂા.૪૦૦૦ મેરામણભાઈએ પાછા આપી દીધેલ અને બાકીના લેણા નીકળતા રૂપીયા ફરીયાદીએ માંગતા આરોપીઓએ તે બાબતનું મનદુખ રાખી આરોપી પુંજાભાઈએ ફરીયાદીનો કાંઠલો પકડી પછાડી દઈ આરોપી મેરામણભાઈએ ફરીયાદીને કુહાડી વડે જમણા હાથમા ગંભીર ઈજા કરી તેમજ આરોપી કીરણબેનએ ફરીયાદીને ડાબા હાથમા કુહાડી વડે સામાન્ય ઈજા કરી તેમજ આરોપી પુંજાભાઈએ ફરીયાદીને ડાબા પગમા ઈજા કરી ત્રણેય આરોપીઓએ ફરીયાદીને જેમફાવે તેમ ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ વંથલી પોલીસમાં નોંધાવતા વંથલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઊનામાં ધીમી ધારે અડધો ઈંચ વરસાદ વરસી ગયો : મચ્છુ ન્દ્રી ડેમ ૭૭ ટકા ભરાઈ ગયો : નીચાણ વાળા ૧૬ગામોને સાવધાન કરાયા

(પ્રતિનિધિ દ્વારા) ઊના તા.૨૨

ઊના શહેર અને તાલુકામાં ત્રીજા દિવસે પણ ધીમી ધારે સવારથી વરસાદ વરસી રહ્યો હતો. સાંજે સુધીમાં ૧૨ મી.મી. વરસાદ વરસી ગયો હતો અને મોસમનો કુલ વરસાદ ૩૬૦ મી.મી. એટલે ૧૪, ૫૦ ઈંચ નોંધાયો છે. ઊના તાલુકાની રાવલ, મચ્છુન્દ્રી રૂપેણ, માલણ નદી બે કાંઠે વહી રહી છે. જંગલમાં ઉપરવાસ વરસાદ શરૂ રહેતા કોદીયાં ગામની સીમમાં આવેલ મચ્છુન્દ્રી ડેમમાં પાણીની આવક વધુ આવતા ૭.૭૦ મીટર ભરાયો છે અને હજુ ૯૩૪ ક્યુસેક પાણીની આવક ચાલુ છે. ડેમ દસ મીટરએ ઓવરફલો થાય છે. ૭૫ ટકા ડેમ ભરાઈ ગયો હોય ગમે ત્યારે ઓવરફલો થાય તે માટે ડેમ નીચે આવતા



રસુલપરા, કોદીયા, દ્રોણ, ઈટવાયા, ફાટસર, જુડવડલી, મેણ, ગુંદાળા, ચાચક વડ, ઊના, દેલવાડા, કાળા પાણ, રાજપરા, રામ પરા, ઝાંખરવાડા, નવા બંદર કુલ ૧૬ ગામોને સાવચેત કરવામાં આવેલ છે. તેમજ રાવલ ડેમ ૧૦ સે.મી. પાણીની આવક થઈ છે. હાલ ૧૨ મીટર ભરાયેલ છે. ૧૭ મીટરએ ઓવરફલો થાય છે. ૪૯ ટકા ડેમ ભરાયો છે.

# નિવૃત થયેલા કર્મચારીઓ અધિકારીઓને મેડીકલ એલાઉન્સ(દવા) રોકડ હાલ રૂા.૧૦૦૦ને સ્થાને ખર્ચ રૂા.૩૦૦૦ કરવા અંગે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૨

ગુજરાત રાજ્ય નિવૃત તલાટી મંત્રી સર્કલ ઈન્સ્પેક્ટર સંગઠન (રાજ્ય)નોંધણી નંબર F ૩૯૦૩ના પ્રમુખ હરીભાઈ એચ. ધુડા તેમજ મહામંત્રી એચ.જે. જોશીની સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે હાલ સરકાર તરફથી નિવૃત થયેલા કર્મચારીઓ અધિકારીઓઓને મેડીકલ એલાઉન્સ રૂા.૧૦૦૦ મળે છે. હાલ નિવૃત થયેલા તમામ મોટાભાગના કર્મચારીઓ સીનીયર સીટીઝન હોય ઉમરના કારણે નાની મોટી ઘણી બીમારી હોય છે જેમ કે ડાયાબિટીસ, બીપી વિગેરે બીમારી આજના ખોરાક અને પાણીથી પીડિત હોય છે. તેમજ દરેક કર્મચારી અધિકારી પોતાનો તેમજ પત્ની માટે મેડીકલ દવા ખર્ચ મોટેભાગે રૂા.૫૦૦૦ + માસિક ખર્ચ સામાન્ય રીતે થાય છે. આ કારમી મોંઘવારીમાં દરેક નિવૃત થયેલા કર્મચારીઓ અધિકારીઓ આવા આકસમિત મેડીકલ દવા હાલ રૂ.૧૦૦૦થી પહોંચી શકતા નથી તેમજ આજે દવા પણ ઘણી મોંઘી આવતિ હોય છે જેથી પોતે તથા પત્ની માટે દવા કે સારવાર કરી શકતા નથી પરિણામે જીવનના છેલાં દિવસો ખૂબ કઠિન રીતે ભોગવી રહેલા હોય છે. તેમજ મોટાભાગના કર્મચારીઓ અધિકારીઓ આ મેડીકલ એલાઉન્સ રોકડમાં લેતા હોય છે કારણકે (૬૦+) ની ઉમરે સરકારી હોસ્પિટલમાં મેડીકલ દવા બિલમાં સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જનની સહી લેવા નિયમ મુજબ જવું પડે પરંતુ આજે મોટાભાગના કર્મચારીઓ અધિકારીઓ આવી દોડા દોડી ઉમર ના કારણે કરી શકતા નથી અને ખૂબ આર્થિક સંકટ મા આવે છે માટે મહેરબાન સરકારને વિનંતી કરીએ છીએ કે આ મેડીકલ (દવા) ના ખર્ચ ને પહોંચી વળવા આજે મળતું મેડીકલ એલાઉન્સ રૂા.૧૦૦૦માં પૂરૂ થઈ શકતું નથી. માટે નિવૃત થયેલા કર્મચારીઓ અધિકારીઓને આજની મોંઘવારી ધ્યાને લઈને રોકડ મેડીકલ એલાઉન્સ(દવા) ખર્ચ પેટે રોકડમાં રૂા.૩૦૦૦ કરવા ગુજરાત રાજ્ય સરકારના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ તેમજ નાણાં સચિવને પત્ર પાઠવીને માંગણીઓ આ સંગઠનના પ્રમુખ હરીભાઈ એચ. ધુડા તેમજ મહામંત્રી એચ.જે. જોશી દ્વારા સરકારમાં રજુઆતો કરવામાં આવી છે. અમોને આશા છે કે સૌનોં વિકાસ કરતી ડબલ એન્જિન સરકાર સુપેરે નિર્ણય કરીને આ નિવૃત થયેલા કર્મચારીઓ અધિકારીઓને આપશે.


# જૂનાગઢ ગ્રામ્ય તાલુકાના પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો માટે સક્ષમશાળા તાલીમનું આયોજન કરાયું





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૨ : સમગ્ર શિક્ષા અને યુનિસેફના ઉપક્રમે જૂનાગઢ ગ્રામ્ય તાલુકાના શિક્ષકો માટે સક્ષમ શાળા અભિગમ અંતર્ગત શિક્ષકો અને આચાર્યઓ માટે બે દિવસથી તાલીમનું આયોજન તારીખ ૧૮-૭-૨૪ અને ૧૯-૭-૨૪ના રોજ બ્લોક રિસર્ચ સેન્ટર જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં જૂનાગઢ ગ્રામ્ય તાલુકાના ૧૪૦ જેટલા શિક્ષકોએ સક્ષમ શાળા બનાવવા માટે ની તાલીમ મેળવી હતી. તાલીમને સફળ બનાવવા માટે બીઆરસી ભવન કર્મચારીએ મહત્વના ભૂમિકા ભજવી હતી.

# NDC સંસ્થા દ્વારા મોટીવેશનનું આયોજન




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૨

ગુરૂપૂર્ણિમાના ખાસ દિવસ ઉપર NDC સંસ્થા દ્વારા દરરોજ મોટીવેશન હેતુ રાત્રે ૯ વાગ્યે યુટયુબ લાઈવ પ્રોગ્રામમાં યુટયુબ ચેનલ "જયેશ વાઘેલા" ઉપર સરકારી નોકરીની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓને માટે વિશેષ લાઈવ ડાયરામાં જયેશ વાઘેલાના માર્ગદર્શન હેઠળ સફળ થયેલા ઉમેદવારો ઉર્વશીબા જાડેજા, જય પંડયા અને ડો. સચિન પીઠડીયાએ વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. આ ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર સમગ્ર ગુજરાતમાંથી વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ લાઈવ સેશન સૌ કોઈ નિહાળી શકે છે.

# કેશોદ તાલુકાના મૂળિયાસા ગામે ભારે વરસાદમાં NDRFની ટીમ દ્વારા મહિલાનું રેસ્ક્યુ કરવામાં આવ્યું



જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ જિલ્લામાં સચરાચાર મેઘ મહેર હતી. ખેડૂતો આનંદિત થઈ રહ્યા છે ત્યારે હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી ભારે વરસાદની ચેતવણીના પગલે જૂનાગઢ જિલ્લા વહીવટ તંત્ર વધુ કાર્યરત થયું હતું. અસરગ્રસ્ત ગામોમાં એનડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી હતી.

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસિયાએ, જૂનાગઢ જિલ્લામાં વરસાદને કારણે કોઈ પણ વ્યક્તિને અગવડ ન પડે તે માટે તાકિદના ધોરણે બેઠક બોલાવી અને અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. કેશોદ તાલુકામાં ૨૧૨ મી.મી. વરસાદ પડતા નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાવાના બનાવો બન્યા હતા. જે પૈકી ઘેડ વિસ્તારના ગામો પૈકી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અગતરાયના આયુષમાન આરોગ્ય મંદિર મંગલપુરના સેજાના ગામ મૂળિયાસાના ૩૫ વર્ષીય મરિયમ ઈસ્માઈલ દલને **menorrhagia**ની તકલીફ થઈ હતી. તે સાથે જ અશક્તિ પણ હોઈ રિફર કરવા પડે એવી સ્થિતિ હતી. (બહેન સગર્ભા નહોતા) અને આ તકલીફના કારણે એમને રેસ્કયુ કરી ગામલોકો દ્વારા વરસાદનાં પાણીમાંથી તેને બહાર કાઢવામાં આવ્યા હતા, ૧૦૮ સેવાની મદદ મેળવી એમની સારવાર ચાલુ હતી તે જૂનાગઢ આયુષ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ગામના આશા બહેન અને તેમના પતિ સવદાસભાઈ વાળા તથા કોમ્યુનીટી હેલ્થ ઓફિસર ડૉ.રાહુલ ડાંગરે મૂળિયાસા ગામના સરપંચ તથા ગામ લોકોના સહકારથી એનડીઆરએફની ટીમના સંકલન અને સહકાર સાથે મરિયમબેનને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાથી જૂનાગઢ ખાતે વધુ સારી સાધનિક સારવાર માટે રિફર કરવામાં સફળતા મળી હતી.

જૂનાગઢ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ અને જૂનાગઢ વહીવટી તંત્રની સૂઝબૂઝ અને દૂરંદેશી બિરદાવતા ઈસ્માઈલભાઈ કહે છે કે, અમારા ગામની શેરીઓમાં વધુ વરસાદના પાણી ભરાવાને કારણે અમે ઘર બહાર જવા માટે અવર-જવર કરવી અશક્ય હતી, આવા સંજોગોમાં મારા ધર્મપત્નીને તબીબી સારવારની જરુર જણાતા અમે મૂંઝાઈ ગયા હતા. પરંતુ ગામના આરોગ્ય વિભાગના કર્મચારીઓ જિલ્લા વહીવટી તંત્રના વડા, જિલ્લા કલેકટરની કુનેહથી થયેલા આયોજનને કારણે આજે મારા ધર્મપત્નીને સારી સારવાર મળી શકી છે. હું આ તકે જિલ્લા પ્રશાસનનો આભાર માનું છું.

# જૂનાગઢ જીલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

## સંબંધિત કચેરીઓના અધિકારીઓને પ્રજાલક્ષી પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવા સૂચના



જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને જૂનાગઢ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રજાલક્ષી પ્રશ્નોને સત્વરે ઉકેલવા માટે કલેકટરે સંબંધિત કચેરીઓના અધિકારીઓને સૂચના આપી હતી.

જિલ્લા કલેકટર કચેરીના સભાખંડ ખાતે મળેલી આ બેઠકમાં ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા, દેવાભાઈ માલમ, સંજયભાઈ કોરડિયાએ ઉપસ્થિત રહી, જિલ્લામાં જમીન માપણી, પેશકદમી, માર્ગ અને મકાન વિભાગમાં ગેરકાયદે કબજો, જૂનાગઢ શહેર સંલગ્ન તાલુકાઓમાં પણ જ્યાં જમીન દબાણ હોઈ તે દબાણોને ખુલ્લા કરાવવા. શહેરમાં બસ જ્યાં બસ સ્ટોપ ન હોઈ ત્યાં બસ ન રોકવામાં આવે, વાહન ચાલકોને પડતી મુશ્કેલીઓના નિવારણ, અકસ્માતનો ભય હોય તેવા સ્થળો ઉપર જરૂરી પગલા ભરવા, જંગલ વિસ્તારમાં હોય તે રેલવે ક્રોસ લાઈનમાં સ્પીડ બ્રેકર મૂકવા, ઘેડ વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જવા બાબતે ઘટતું થાય, દામોદર કુંડની સઘન સફાઈ તેમજ અન્ય પ્રજાલક્ષી પ્રશ્નોની રજૂઆત કરી હતી. ધારાસભ્યોના પ્રશ્ન સંદર્ભે સંબંધિત કચેરીઓના અધિકારીઓએ જવાબ આપ્યા હતા.

ચાંદીપુરા વાયરસ અંગે લોકોમાં જાગૃત્તિ આવે, પ્રાથમિક શાળાઓ, આંગણવાડીઓ સહિતના સ્થળો ઉપર સઘન સફાઈ થાય, બાળકોનું હેલ્થ ચેક-અપ સમયાંતરે અને નિયમિતપણે થાય તે માટે ઘટતું કરવા જિલ્લા કલેકટરે દિશાનિર્દેશન કર્યુ હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નિતિન સાંગવાન, જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેકટર એન.એફ.ચૌધરી, જૂનાગઢ વિભાગ નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, પ્રાંત અધિકારીઓ, મામલતદાર તેમજ સંબંધિત કચેરીઓના અધિકારી-કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# ડો.સુભાષ યુનિવર્સિટી અને BAAG દ્વારા બોટની વિષય ઉપર આંતરરાષ્ટ્રિય પરિસંવાદનું ભવ્યાતિભવ્ય આયોજન

## ગુજરાત તેમજ વિવિધ રાજ્યોમાંથી ૨૦૦થી વધુ શિક્ષકો, વિદ્યાર્થીઓએ ૧૦૦ વધુ સંશોધન પત્રો રજૂ કર્યા

જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢની પ્રથમ સ્ટેટપ્રાઈવેટ યુનિવર્સીટી ડો.સુભાષ યુનિવર્સિટી અને બોટાનીકલ એડવાન્સ્ડ એશોશિએશન ગુજરાત **(B.AAG.)**ના સંયુકત ઉપક્રમેબોટની વિષયનાત્રિ-દિવસીય આંતરરાષ્ટ્રિય પરિસંવાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૭ થી ૧૯ જૂલાઈ સુધી **Vision 2047: Global Trends in the Role of Plant Sciences for Sustainable Development** વિષય ઉપર આયોજિત આ પરિસંવાદમાં ગુજરાત તેમજ ભારતભરના વિવિધ રાજ્યોમાંથી ૨૦૦ થીવધારે શિક્ષકો, સંશોધકો અને વિદ્યાર્થીએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાથોસાથ આ પરિસંવાદમાં સામેલ થનાર સહભાગીઓ માટે દેશ-વિદેશના બોટની વિષયના વિષય-નિષ્ણાંતોના વ્યાખ્યાયનોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત કાર્યક્રમના પ્રથમ દિવસે રાજ્ય સરકારના સાયન્સ અને ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટની સંસ્થા સાવલી ટેકનોલોજી અને બિઝનેસ સેન્ટરના ડાયરેકટર ડૉ.આનંદ ભાદલકર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના બીજા દિવસે થાઈલેન્ડ યુનિવર્સીટીના સાયન્સ ફેક્લટીના પ્રાધ્યાપક ડૉ. સોંગતાઘોષ એ વિષયને અનુરૂપ વ્યાખ્યાયન રજૂ કર્યું હતું. પરિસંવાદના અંતિમ દિવસે યુલે કોલેજ, મહારાષ્ટ્ર ના પ્રાધ્યાપક ડૉ. દત્તાઢાલે એ વ્યાખ્યાન રજૂ કરેલ હતું. આ તકે ભાવનગર યુનિવર્સીટીના મરિન સાયન્સ વિભાગના પૂર્વઅધ્યક્ષ અને જાણીતા વૈજ્ઞાનિક ડૉ. ડી. સી. ભટ્ટ ઉપસ્થિત રહયા હતા અને તમામનો ઉત્સાહ વધાર્યો હતો. આ પરિસંવાદમાં સહભાગી થનાર શિક્ષકો સંશોધકો અને વિધાર્થીઓ દ્વારા ૧૦૦ જેટલા સંશોધનપત્રો રજૂ કરવામાં આવ્યા હતા, જે અંતર્ગત વિવિધ કેટેગરીમાં ઉત્કૃષ્ટ સંશોધન પત્રો રજૂ કરનારને મોમેન્ટો અને સર્ટિફિકેટ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર ગુજરાત તેમજ દેશભરમાંથી ઉપસ્થિત બોટાનિસ્ટોને સૌરાષ્ટ્રની શાન એવા એશિયાઈ સિંહો અને ગીરના જંગલની માહિતી મળે એ હેતુથી તમામને દેવળીયાપાર્કની વિશેષ મુલાકાત કરાવવામાં આવીહતી. સાથોસાથ તામામ સહભાગીઓ માટેગીરના પ્રખ્યાતઘ માલનૃત્યનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં તમામ સહભાગીઓએ પરિસંવાદ માટેખૂબ જ સંતોસકારક પ્રતિભાવો આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે યુનિવર્સીટીની અનેક વિધપ્રવૃત્તિઓને ધ્યાને લઈને આ પરિસંવાદના ઉત્કૃષ્ટ આયોજન માટે રાજ્ય સરકારના સાયન્સ અને ટેકનોલોજી ડિપાર્ટમેન્ટની સંસ્થા 'ગુજરાત સ્ટેટ્સ બાયોટેકનોલોજી મિશન" **(GSBTM)** દ્વારાવિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. આ પરિસંવાદને સફળ બનાવવા યુનિવર્સીટીના સાયન્સ ફેક્લટીના ડીન ડો.મયંકપંડયા તેમજ **BAAG**ના ઉપાધ્યક્ષ ડો.બી.એ. જાડેજા સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી .પરિસંવાદને ઉત્કૃષ્ટ સફળતા માટે સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, યુનિવર્સીટીના પ્રમુખ રાજાભાઈ ચાવડા, પ્રોવોસ્ટ ડો.દિપક પટેલ તેમજ **BAAG**ના પ્રમુખ ડો.એન. કે. પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

# જૂનાગઢ જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને જીલ્લા માર્ગ સલામતી સમીક્ષા બેઠક યોજાઈ




જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને જૂનાગઢ જિલ્લા માર્ગ સલામતી સમીક્ષા બેઠક યોજાઈ હતી. આર.ટી.ઓ. દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં થયેલી ચર્ચા અનુસાર અતિવ્યસ્ત વિસ્તારોમાં વન-વેમાં રોંગ સાઈડથી આવતા વાહનોને રોકવા, ઈ-મેમો આપવા વગેરે કામગીરી કડક બનાવવી.

હાઈ-વે ઉપર ક્રેશ બેરિયર મૂકવા, ઝીરો ફેટેલીટી કોરિડોરનું નિર્માણ થાય, જાહેર માર્ગો ઉપર વિવિધ સૂચના દર્શાવતા બોર્ડ લગાવવા. ગેરકાયદેસર હોય તેવા હોર્ડિંગ્સ ઉતારવા, લોકોને માર્ગ સલામતીના નિયમો વિશે વાકેફ કરવા, જગૃત્ત કરવા. જિલ્લાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી કચેરીઓ તેમજ જાહેર જગ્યાની બાજુના રસ્તાઓ ઉપર સ્પીડ બ્રેકર લગાવવા સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મેહતા, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ તેમજ રોડ સેફટી વિભાગના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને કાયદો અને વ્યવસ્થા સમીક્ષા બેઠક યોજાઈ




જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને કાયદો અને વ્યવસ્થા સમીક્ષા બેઠક યોજાઈ હતી. સુલેહ શાંતિ ભંગ, શંકાસ્પદ વ્યક્તિ સામે પગલા, ત્રાસદાયક કેસ, હથિયારબંધી, રસ્તા ઉપર પશુઓને ઘાસચારો નાખવા સહિત જાહેરનામાના ભંગ કેસ સહિતની સમીક્ષા કરવામાં આવી હતી. જે કેસ પેન્ડીંગ છે તેમનો શક્ય તેટલો ઝડપી નિકાલ કરવા અને ગુનેગાર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપી હતી. વધુમાં આરટીઓ વિભાગને વાહન ડોક્યમેન્ટ ચેકિંગ ઝુંબેશ ચલાવવા તેમજ ખનિજ ચોરી કરતા વાહનો તપાસ કરવા અને જરૂર જણાય તો વાહનો ચીજ કરી ગુનો નોંધવા સૂચના આપી હતી. આ બેઠકમાં જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ તેમજ સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'એબી પ્લસ સ્પેશિયાલિટી હોસ્પિટલે' અમદાવાદ એરપોર્ટ ઉપર ભારતનું પ્રથમ 'હેલ્થ લાઉન્જ' શરૂ કર્યું

## હવે અમદાવાદ એરપોર્ટ ઉપર માત્ર દસ મિનિટમાં જ હેલ્થચેકઅપ કરી શકાશે


(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૨

એશિયન બેરિયાટ્રિક સ્પેશિયાલિટી હોસ્પિટલ (એબી પ્લસ), એક મલ્ટી સ્પેશિયાલિટી ફેમિલી બુટિક હોસ્પિટલ છે, જે તેના શ્રેષ્ઠ ઈન-ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અદ્યતન તકનીકો અને ઉચ્ચ અનુભવી તબીબી કર્મચારીઓ માટે જાણીતુ છે. જેનુ અમદાવાદ એરપોર્ટ ઉપર પ્રથમ હેલ્થ લાઉન્જ શરૂ થવા જઈ રહ્યું છે.

વ્યસ્ત જીવનશૈલી દ્વારા ઉભા થતા પડકારોને કારણે વ્યક્તિ ઘણી વખત સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપતા અટકે છે, 'એબી પ્લસ સ્પેશિયાલિટી હોસ્પિટલ', જે સફળતાના બે વર્ષની ઉજવણી કરી રહ્યું છે, તે અમદાવાદ એરપોર્ટ ઉપર 'હેલ્થ લાઉન્જ' શરૂ કરવાની જાહેરાત કરે છે. આ નવીન લાઉન્જ માત્ર ૧૦ મિનિટમાં સંપૂર્ણ સ્વાસ્થ્યને સ્કેન કરે છે. પ્રવાસીઓ ફ્લાઈંગ ટાઈમના વેઈટિંગ સમયનો સદઉપયોગ કરીને આ કાર્ય કરી શકે છે. આ લાઉન્જનો ઉપયોગ રોગને શરૂઆતમાં પારખીને અટકાવવાનો છે. અને તેમણે બે મહિનાના સમયમાં ૧૨૦૦ દર્દીનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. 'એબી પ્લસ હેલ્થ લાઉન્જ' ઘણી અદ્યતન આરોગ્ય સેવાઓ પ્રદાન કરે છે, જેમાં 'ઓટોમેટેડ આઈ સ્કેન'માં છૈં સમાવિષ્ટ ટેક્નોલોજીનો ઉપયોગ કરાય છે. તે ઘણી લાંબી બિમારીઓ જેવી કે ડાયાબિટીસ, મોતિયો અને હાયપરટેન્શનમાં વહેલા અને મોડેથી થતા ફેરફારોને શોધી કાઢે છે. પ્રવાસીઓ 'બોડી કમ્પોઝિશન એનાલિસિસ' પણ કરાવી શકે છે, જે મ્ૈંથી આગળ છે, ચરબી, સ્નાયુઓ અને પાણીનું મૂલ્યાંકન અને સ્નાયુ વિશ્લેષણ રિપોર્ટ પ્રદાન કરે છે.

'એબી પ્લસ હોસ્પિટલ'ના બેરિયાટ્રિક્સ, **GI** અને રોબોટિક સર્જન ડો.મહેન્દ્ર નરવરિયા, જેમને ૨૫ વર્ષથી વધુનો અનુભવ છે, તેમણે જણાવ્યું હતું કે, "અમે અમારા દર્દીઓના જીવનમાં એકીકૃત થવા નવીન હેલ્થકેર સોલ્યુશન્સ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છીએ. 'એબી પ્લસ હેલ્થ લાઉન્જ' પ્રવાસીઓને તેમના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા માટે પરવાનગી આપે છે, અમારા ઝડપી સરળ પરીક્ષણ સંભવિત સમસ્યાઓને વહેલા શોધવા સમક્ષ છે. પ્રક્રિયાઓ વ્યાપક અને ૧૦૦ ટકા સરળ છે અને માત્ર ૧૦ મિનિટમાં પૂર્ણ કરી શકાય છે જે પ્રવાસીઓ માટે અત્યંત અનુકૂળ ઓફર પ્રદાન કરે છે.'' પ્રવાસી હેલ્થ લાઉન્જમાં 'કાર્ડિયોવેસ્ક્યુલર સ્ક્રિનિંગ'માંથી પસાર થઈ શકે છે, જેનાથી સંભવિત હૃદય સંબધિત સમસ્યાઓ જાણી શકાય છે. લાઉન્જ 'ફેસ સ્કિન એનાલિસિસ'ની પણ ઓફર કરે છે, જે યોગ્ય સ્કિનકેર અને એન્ટી એજિંગ સોલ્યુશન્સ માટે ઊંડાણપૂર્વકનું મૂલ્યાંકન પૂરૂ પાડે છે. આ સાથે તે 'ફૂટ પ્રેશર એનાલિસિસ' સેવા પ્રદાન કરે છે, જે શરીરની મુદ્રા અને દબાણ બિંદુઓનું વિશ્લેષણ કરે છે, અને સંભવિત કરોડરજ્જુ અને સાંધાના દુખાવા તરફ દોરતી સમસ્યાઓને જાણી શકાય છે. આ ઉપરાંત પ્રવાસીઓ વાળ ખરવાની સ્થિતિ, વાળની ઘનતા અને માથાની ચામડીની સ્થિતિનું મૂલ્યાંકન કરવા અંગેની પણ તપાસ કરાવી શકે છે, વાળ ખરવા એ શરીરના વજન ઘટાડા સાથેની દેશની અગ્રણી સમસ્યા છે. ડો.નરવરિયાએ જણાવ્યું હતું કે, 'એબી પ્લસ હેલ્થ લાઉન્જ'ની શરૂઆત સાથે અમે આવશ્યક આરોગ્ય તપાસને સરળતાથી સુલભ બનાવીને ''અમારા દર્દી પ્રથમ''ની પ્રતિબદ્ધતાને જાળવી




રાખવાનું ચાલુ રાખીએ છીએ.'' 'એબી પ્લસ સ્પેશિયાલિટી હોસ્પિટલ' અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી અને સલાહકારોની વિશેષ ટીમ અને પ્રશિક્ષિત સ્ટાફથી સજ્જ મલ્ટિ સ્પેશિયાલિટી ફેમિલિ બુટિક હોસ્પિટલ તરીકે ખાસ છે.

# ઉના તાલુકાની રાણવશી પ્રાથમિક શાળાનું ગૌરવ

(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા, તા.૨૨



ઉના તાલુકાની રાણવશી પ્રાથમિક શાળામાં ગત વર્ષે ધોરણ આઠમાં અભ્યાસ કરતી સ્નેહાબેન મસરીભાઈ સોલંકી અને યશસ્વીબેન દિનેશભાઈ મકવાણાએ મુખ્યમંત્રી જ્ઞાન સાધના પરીક્ષા આપેલ હતી.અને પાસ થઈ મેરીટમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે.આ બન્ને દિકરીઓને રાજ્ય સરકાર દ્વારા ધોરણ નવમાં ૨૨૦૦૦ હજાર ધોરણ દશમાં ૨૨૦૦૦ હજાર ધોરણ અગિયારમાં ૨૫૦૦૦ હજાર અને ધોરણ બારમાં ૨૫૦૦૦ હજાર શિષ્યવૃત્તિ મળવા પાત્ર થશે.આ બન્ને દિકરીઓએ શાળા, ગામ અને પોતાના પરિવારનું નામ રોશન કરવા બદલ આ બન્ને દિકરીઓને શાળા પરિવાર તેમજ ગ્રામજનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ હતા.

# આણંદ એક્સટેન્શન એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત માનવ સંસાધન વિકાસ તાલીમ સંપન્ન

## કૃષિ યુનિવર્સિટી ખાતે તાલીમાર્થીઓને પ્રમાણપત્રનું વિતરણ



જૂનાગઢ, તા.૨૨

આણંદ એક્સટેન્શન એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત માનવ સંસાધન વિકાસની ત્રિદિવસીય તાલીમ સંપન્ન થઈ હતી. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે માનવ સંસાધન વિકાસ તાલીમ અંતર્ગત પ્રમાણપત્ર વિતરણ સમારોહ યોજાયો હતો. તાલીમાર્થીઓને સંબોધતા કાર્યક્રમનાં અધ્યક્ષ અને કુલપતિશ્રીએ જણાવ્યુ કે, પોઝીટીવ એટીટ્યુડ અને કોમ્યુનિકેશન સ્કીલ, સોશિયલ મીડિયાના માધ્યમથી વધુમાં વધુ ખેડૂતની નજીક રહીને ખેડૂતને માહિતગાર કરવા અનુરોધ કર્યો હતો. મોબાઈલ એસ.એમ.એસ. નો ઉપયોગ કરીને ખેડૂતોને વધુમાં વધુ કૃષિ સંશોધન અંતર્ગતની માહિતી વેગવંતી બને તેવા પ્રયાસો કરવા પણ જણાવ્યું. આ તકે સંશોધન નિયામક ડો.માદરિયા, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.જાદવ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.છોડવડીયા ઉપસ્થિત રહ્યા હતા. આણંદ એક્સટેન્શન એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટના કોર્ષ ડાયરેક્ટર ડૉ.એ.સી.જતાપરા, ડો.નિધિ ઠાકુર અને ડો.રાજસિંહ રાઠોડ દ્વારા આ તાલીમ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને તાલીમ આપી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યા. આ તાલીમ કાર્યક્રમમાં ૮૦ તાલીમાર્થીઓએ તાલીમ મેળવી હતી. પ્રમાણપત્ર વિતરણ સમારોહનું સંચાલન રિસર્ચ એસોસિએટ ડો.ક્રિમ્પલ આર. ખૂંટે કર્યું હતું.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રોડની ભારે અવદશા, પાણી ભરેલા ખાડાઓની હારમાળા

(નિરવ ગઢીયા દ્વારા) ડોળાસા, તા.૨૨



કોડીનાર તાલુકાના ડોળાસા ગામમાંથી પસાર થતો નેશનલ હાઈવે હાલ તદન રેઢિયાળ અવસ્થામાં મુકાયો છે. વાહન ચાલકો અને રાહદારીઓ તોબા પોકારી ગયા છે. ડોળાસા ગામે ગત તા. ૨૩/૬/૨૦૨૪ થી ચોમાસાનો પ્રારંભ થયો હતો. મોસમનો કુલ વરસાદ ૪૮૮ મીમી. ( સાડા ઓગણીસ ઈંચ ) થયો છે. આમ સતત વરસાદના કારણે હજુ ગત સાલ જ નવો બનેલો પેવર રોડના લીરા ઉડી ગયા છે અને રોડની ડિઝાઈન બદલાઈ ગઈ છે અને હાલ તો કમર તોડ રોડ બન્યો છે. વાહન ક્યાંથી ચલાવવું તેજ વાહન ચાલકોને સમજાતું નથી. આ રોડની પાકી મરામત તુરત કરવામાં આવે તે જરૂરી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# નોકરશાહીમાં નૈતિકતાનું પતન

આજે આપણી આસપાસ કેટલીક એવી ઘટનાઓ બની રહી છે, જે ભારતીય નોકરશાહીની છબિને ધૂમિલ કરે છે. ભારતીય સિવિલ સર્વન્ટ્સ કેવી રીતે નૈતિક દુવિધાઓમાંથી પસાર થાય છે અને ત્યારે તેમના નિર્ણય લેવાની પ્રક્રિયા કઈ રીતે ક્ષમતાઓથી પ્રભાવિત થાય છે, તે જોવાની વસ્તુ છે. કોઈપણ પ્રજાતંત્રમાં અંતિમ વ્યક્તિ સુધી ત્યારે જ પહોંચી શકાય, જ્યારે લોકસેવક નૈતિક મૂલ્યો સાથે ચાલે. લોકસેવા પ્રેરણા, વ્યક્તિગત કર્તવ્યનિષ્ઠા, સજાગતા, આચાર સંહિતા અને નૈતિક નેતૃત્વ જેવા ગુણો પર નિર્ભર કરે છે.

આજે સવાલોનો અંબાર છે. શું બધા લોકસેવક સારા આચરણનું અનુસરણ કરી રહ્યા છે? સૌથી મુખ્ય પ્રશ્ન એ છેકે જો લોકસેવા ભારતનું સ્ટીલ માળખું છે, તો શું કેટલાક લોકસેવકોનું આચરણ એના પર બટ્ટો નથી લગાવતું? યાદ રાખીએ કે સરદાર પટેલે ભારતના પોલાદી લોકસેવા માળખા પાસે શું આશા રાખી હતી. લેખક-શોધકર્તા વિશાલ ગુપ્તાએ પોતાના અધ્યયન ‘ભારતીય પ્રશાસનિક સેવા (આઈએએસ) અને ક્રોની કેપિટલિઝમ : એક સમીક્ષા પત્ર’માં ભારતીય પ્રશાસનિક સેવા સામે આવતી કેટલીય સમસ્યાઓ વિશે વિસ્તારથી તર્ક આપ્યા છે. તેઓ લખે છે, ‘ભારતે બ્રિટિશ વડાપ્રધાન ચર્ચિલની કહેલી વાતોને ખોટી સાબિત કરવા માટે બહુ ખરાબ પ્રદર્શન નથી કર્યું. પરંતુ આજે ભ્રષ્ટાચાર ભારતના લોકાચારનો હિસ્સો બની ગયો છે.’ જ્યારે જાહેર સંસાધનોને ફાળવવાનો ફેંસલો કરવાનો હોય છે, તો કેટલીય વાર ક્રોની કેપિટલિઝમ કે લૂંટારું મૂડીવાદ હાવી થઈ જાય છે. અધિકારીઓ વિચારવા લાગે છે કે આ કામમાંથી મને શું મળશે?

બેશક, આપણા નોકરશાહી માળખાની કમજોરીઓ વગદારો, અમીરો, પૂંજીપતિઓને વ્યવસ્થાના દોહનનો મોકો આપે છે. આપણે એ ભૂલવું ન જોઈએ કે સ્વતંત્રતા વાસ્તવમાં નૈતિકતાથી જ સુરિક્ષત રહે છે. આપણા બંધારણમાં ‘આપણે ભારતના લોકો’ની પ્રતિધ્વનિ હતી અને આપણા પહેલા રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદે આ દિવસને પરિભાષિત કરતાં કહ્યું હતું કે ભારત એક ગણતંત્ર બનીને પૂર્વગ્રહથી મુક્ત થઈને વિશ્વ મંચ પર પ્રવેશ કરી ગયું છે, પરંતુ મુશ્કેલી જુઓ, એક લાલ બત્તી કે આુડી કે પૈસાની ચાહતે તેને પૂર્વગ્રહથી મુક્ત નથી થવા દેતી જે એક યોગ્યતમ યુવાને ભારે-ભરખમ નોકરશાહ બનાવી દે છે. સત્તા અને સુવિધા ભોગવવાની દાનત હાવી થઈ જાય છે કે નૈતિકતા ભૂલાઈ જાય છે. અનેક લોકસેવકોના જીવનમાં ઘમંડ, લાલચ અને રોબ જ બધું થઈ જાય છે. એવું નથી કે સારા લોકસેવકો નથી, પરંતુ હંમેશાં વ્યવસ્થામાં તેમની ભૂમિકાને સીમિત કરી દેવામાં આવે છે. કેટલાક બહુ સારા અધિકારીઓને કારણે દેશનો છેવાડાનો માણસ લોકસેવકો તરફ આશાભરી નજરે જુએ છે અને માને છે કે તેના હિતોની રક્ષા સાહેબ કરશે.

ટ્રેઈની આઈએએસ પૂજા ખેડકરનું દૃષ્ટાંત તાજું જ છે, જેણે લોકોના વિશ્વાસને ડગાવી દીધો છે. પદનો વ્યક્તિગત લાભ લેવાની પ્રવૃત્તિ એ હદે વધી રહી છે કે તેમાં અધિકારીઓના માતા-પિતા પણ પાછળ નથી રહેતા. તેમને હવે લાગવા માંડ્યું છે કે આપણું હવે કોઈ કશું નહીં બગાડી શકે. વાસ્તવમાં નૈતિકતા અને મૂલ્યોનું પ્રશિક્ષણ બુનિયાદી પ્રશિક્ષણમાં જ નહીં, પરંતુ દરેક સ્તરે ચાલુ રહેવું જોઈએ. સેવામાં નૈતિકતાના આધાર પર જ પદસ્થાપના, લાભ અને પદોન્નતિનું આકલન થવું જોઈએ. લાખો યુવાઓ લોકસેવક બનવાની તૈયારી કરે છે, એમના સુધી વિશ્વાસ અને નૈતિકતાનો સંદેશ કોણ પહોંચાડશે? શું લોકસેવા આયોગ પાસે કોઈ યોજના છે? કે પછી યેનકેન પ્રકારે, ત્યાં સુધી કે બનાવટી કાગળોના આધાર પર અધિકારી બનતાં રોકવાના ઉપાય કરી શકાય છે? આ ભાવિ લોકસેવકો વિશે જ નહીં, પરંતુ લોકસેવા આયોગ વિશે પણ વિચારવાનો સમય છે. એક મજબૂત સંગઠન જ મજબૂત લોકસેવકોની પસંદગી કરી શકે છે અને કુશળ સંગઠન માટે પણ યોગ્યતમ નિર્ણાયકોની જરૂર પડે છે.

### જામનગરમાં વરસાદથી ૧૪ જેટલા જળાશયો છલકાયા છે

# ગુજરાતમાં ૧૬ ડેમ હાઈએલર્ટ, ભારે વરસાદથી છલકાવાની શક્યતા

### ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ ૫૫ ટકાને પાર કરી

અમદાવાદ,તા.૨૨

જળ સંપતિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે કે, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં જળસંગ્રહ ૫૫ ટકાને પાર કરી ગયો છે. સરદાર સરોવરમાં હાલમાં ૧,૮૩,૬૬૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૫ ટકા જેટલો જળસંગ્રહ જ્યારે આ સિવાય રાજયના કુલ ૨૦૬ જળાશયોમાં ૨,૧૨,૧૫૬ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૩૭.૮૭ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે.

૧૬ જળાશયો સંપૂર્ણ છલકાયા છે. જામનગરનો વાગડીયા, સસોઈ-૨, ફુલઝર-૧, રૂપારેલ, ઉંડ-૩, ફુલઝર-૨, ડાય-મિનસર, વોડીસંગ ડેમ. પોરબંદરના અડવાણા, કાલીન્દ્રીં, સોરઠી અને ફોદારનેશ ડેમ. દેવભૂમિ દ્વારકાના સિંધાણી. સુરેન્દ્રનગરના વાંસલ, કચ્છના કાલાધોધા તથા રાજકોટના ફોફળ-૧ ડેમ ૧૦૦ ટકા ભરાતા હાઈ એલર્ટ અપાયું છે. રાજ્યના અન્ય ૩૬ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે.

સરદાર સરોવર સહિત ૨૫ ડેમ ૫૦થી ૭૦ ટકા ભરાતા વોર્નિંગ આપવામાં આવી છે, જ્યારે ૫૨ ડેમ ૨૫થી ૫૦ ટકા ભરાયા છે. સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૨.૦૯ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૩૯.૮૬ ટકા,મધ્ય ગુજરાતના ૧૭માં ૩૬.૩૭, કચ્છના ૨૦માં ૨૮.૩૬ તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૬.૬૦ ટકા પાણીનો સંગ્રહ થયો છે.જામનગરમાં વરસાદથી ૧૪ જેટલા જળાશયો છલકાયા છે. જિલ્લાના કુલ ૨૫ માંથી ૧૪ જેટલા જળાશયો પાણીથી છલોછલ થયા છે. ફુલઝર ૧ અને ૨, સપડા, ડાઈ મીણસાર, ઉન્ડ ૩, રંગમતી, ફુલઝર (કો.બા), રૂપાવટી, સસોઈ ૨, રૂપારેલ, બાલંભડી, ઉમિયાસાગર, વાગડીયા અને ઉન્ડ ૪ સહિતના જળાશયો પાણીથી છલોછલ થયા છે.

ગીર સોમનાથ જિલ્લાની જીવાદોરી સમાન હિરણ-૨ ડેમ ૭૬% ભરાયો છે. નદીના પટમાં અવર-જવર ન કરવાં તેમજ ઢોર ઢાંખર ન લઈ જવા કડક સુચના અપાઈ છે. તાલાળા તાલુકાના ઉમરેઠી, માલજીંજવા, સેમરવાવ તેમજ વેરાવળ તાલુકાના ભેરાળા,મંડોર, ઈશ્વરીયા, ઈન્દ્રોઈ, નાવદ્રા, સોનારીયા, સવની, બાદલપરા, મીઠાપુર, કાજલી અને પ્રભાસ પાટણના નીચાંણવાળા વિસ્તારોને સાવધ રહેવા સૂચિત કરવામાં આવ્યા છે.

### દેવભૂમિ દ્વારકામાં જળબંબાકાર

# બેટ દ્વારકામાં VIP પાર્કિંગની દિવાલ ધરાશાયી, ૧૦૦ દુકાન અને ૩૦ હોટલમાં પાણી ફરી વળ્યા

### દ્વારકાના સૌથી મોટા ડેમ સાની ડેમમાં ૬ વર્ષે પણ દરવાજા નાંખવાની કામગીરી પૂર્ણ ન થતાં પાણીનો પ્રચંડ પ્રવાહના પગલે કલ્યાણપુર અને રાવલ વિસ્તારમાં ફરી વળ્યા

દેવભૂમિદ્વારકા,તા.૨૨

દેવભૂમિ દ્વારકામાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. યાત્રાધામ દ્વારકામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જેના પગલે ભદ્રકાળી ચોકની ૧૦૦ જેટલી દુકાનો અને ૩૦ હોટલોમાં વરસાદની પાણી ભરાયા છે. તો આ તરફ બેટ દ્વારકામાં VIP પાર્કિંગની દિવાલ ધરાશાયી થઈ હતી. રાવળા તળાવના વિકાસ બાદ દર વર્ષે પાણી ભરાતા હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યાં છે. ભદ્રકાળી ચોક, રબારી ગેટ, તિનબત્તી ચોકમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ઠેર – ઠેર પાણીથી સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે. દ્વારકાના સૌથી મોટા ડેમ સાની ડેમમાં ૬ વર્ષે પણ દરવાજા નાંખવાની કામગીરી પૂર્ણ ન થતાં. પાણીનો પ્રચંડ પ્રવાહના પગલે કલ્યાણપુર અને રાવલ વિસ્તારમાં ફરી વળ્યા હતા.દેવભૂમિ દ્વારકામાં છેલ્લા ૨૪ કલાકમાં સાડા અઢાર ઈંચ વરસાદ ખાબક્યો છે. યાત્રાધામમાં પાણી ભરાતા વહીવટી તંત્ર એક્શનમાં આવ્યુ છે. ભારે વરસાદના પગલે દ્વારકાના રૂપેણ બંદરે NDRFની ટીમ તૈનાત કરાઈ છે. તેમજ રૂપેણ બંદરે ફાયર રેસ્ક્યુ ટીમ અને NDRFની ટીમ હાજર રાખવામાં આવી છે. ભારે વરસાદના પગલે કોઈ દુર્ઘટના ન બને તે માટે રૂપેણ બંદર નજીક રહેતાં લોકોનું સ્થળાંતર કરાયું છે.

### ભારે વરસાદની પરિસ્થિતિની કરી સમીક્ષા

# પોરબંદરની મુલાકાતે કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયા

### મતવિસ્તારમાં અવિરત વરસાદને લઈ અસરગ્રસ્તોની સાથે પણ મુલાકાત કરવા પણ માંડવિયા પહોંચશે

પોરબંદર,તા.૨૨

પ્રધાન માંડવિયાએ પોરબંદર પહોંચીને અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જ્યાં તેમની સાથે સ્થાનિક ધારાસભ્ય અર્જૂન મોઢવાડિયા સહિત સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મતવિસ્તારમાં અવિરત વરસાદને લઈ અસરગ્રસ્તોની સાથે પણ મુલાકાત કરવા પણ માંડવિયા પહોંચશે.

કેન્દ્રીય શ્રમ પ્રધાન અને પોરબંદરના સાંસદ મનસુખ માંડવિયા મતવિસ્તારમાં ભારે વરસાદને લઈ મુલાકાતે પહોંચ્યાં છે. પ્રધાન માંડવિયાએ પોરબંદર પહોંચીને અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જ્યાં તેમની સાથે સ્થાનિક ધારાસભ્ય અર્જૂન મોઢવાડિયા સહિત સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ભારે વરસાદને લઈ જે વિસ્તારમાં વધારે વરસાદ વરસ્યો છે, જેને લઈ શું એક્શન હાલમાં લેવાઈ રહ્યા છે. સ્થાનિકોને રાહત ઝડપથી પહોંચે એ માટે થઈને ત્વરીત પગલા ભરવા માટે અધિકારીઓ સાથે ચર્ચા કરીને સૂચનાઓ કરી હતી. સાથે જ બેઠકમાં તંત્રની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. મતવિસ્તારમાં અવિરત વરસાદને લઈ અસરગ્રસ્તોની સાથે પણ મુલાકાત કરવામાં આવશે.

# સાબરમતીમાં પ્રદૂષણ અંગે હાઈકોર્ટની ફટકાર પછી AMC ઘોર નિંદ્રામાંથી જાગી

અમદાવાદ,તા.૨૨

અમદાવાદમાં સાબરમતીમાં પ્રદૂષણ અંગે હાઈકોર્ટની વારંવારની ફટકાર પછી છેવટે તંત્ર ઘોર નિંદ્રામાંથી જાગ્યું છે. ગુજરાત હાઈકોર્ટે પ્રદૂષણ રોકવા માટે વારંવાર કોર્પોરેશનની ટીકા કરતા છેવટે કોર્પોરેશન એક્શનમાં આવ્યું છે. સાબરમતી નદીમાં પ્રદૂષણ રોકવા માટે ટીમની રચના કરવામાં આવી છે.

સાબરમતીમાં પ્રદૂષણ રોકવા માટે સર્વેલન્સની ટીમની રચના કરવામાં આવી છે. આ માટે ત્રણ શિફ્ટમાં કામગીરી સોંપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સાબરમતી નદીમાં પ્રદૂષણ અંગેની સુઓમોટો જાહેરહિતની અરજીની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે આજે ફરી એકવાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સત્તાવાળાઓનો ખાસ કરીને મ્યુનિસિપલ કમિશનરનો ઉધડો લઈ નાંખ્યો હતો.


કોર્પોરેશન તરફથી રજૂ કરાયેલી બ્લ્યુ પ્રિન્ટ અને અમ્યુકોના હજુ પણ બેજવાબદાર અને બિનગંભીર વલણને લઈ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે ભયંકર નારાજગી વ્યકત કરી હતી અને એટલે સુધી માર્મિક ટિપ્પણી કરી હતી કે, અમને આશ્વાસન નહી, પરિણામલક્ષી પરફોર્મન્સ આપો. અમારે દર વખતે તમારા કલાસ લેવા પડે છે. હાઈકોર્ટે અમ્યુકો પાસેથી ઈન્સ્પેકશન સાથેનો રિપોર્ટ માંગ્યો હતો અને અમ્યુકો કમિશનરને પર્સનલી આ મામલામાં મોનિટરિંગ કરવા જણાવ્યું હતું.

હાઈકોર્ટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ટાસ્ક ફોર્સના ઈન્સ્પેકશન સહિતના મુદે અમ્યુકો કમિશનર પાસેથી રિપોર્ટ સાથે વિગતવાર જવાબ માંગ્યો હતો અને ૮મી ઓગસ્ટ સુધીમાં સોગંદનામું રજૂ કરવા હુકમ કર્યો હતો.

### ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ વરસ્યો છે

# સૌરાષ્ટ્રમાં પૂરની સ્થિતિ ! ૫૭ ગામનો સંપર્ક વિહોણા, ૩૫૯ ગામમાં છવાયો અંધારપટ

### સૌરાષ્ટ્રમાંથી ૪૦૦થી વધારે લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે



અમદાવાદ,તા.૨૨

ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ વરસ્યો છે. અતિભારે વરસાદ મુદ્દે કમિશનરે નિવેદન આપ્યું છે. સૌરાષ્ટ્રમાંથી ૪૦૦થી વધારે લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યુ છે.

ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ વરસ્યો છે. અતિભારે વરસાદ મુદ્દે રાહત કમિશનરે નિવેદન આપ્યું છે. સૌરાષ્ટ્રમાંથી ૪૦૦થી વધારે લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યુ છે. જેમાં વહીવટી તંત્ર દ્વારા ૪૫થી વધુ લોકોનું રેસ્કયૂ કરવામાં આવ્યુ છે. છેલ્લા ૨૪ કલાકમાં અતિભારે વરસાદ વરસ્યો છે. જેના પગલે આશરે ૫૭ ગામનો સંપર્ક વિહોણા થયા છે.

તેમજ સૌરાષ્ટ્રના ૩૫૯ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો છે. આ ઉપરાંત આશરે ૨૦૯ જેટલા રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. રાજ્યના કુલ ૧૩ ડેમ હાઈ એલર્ટ પર મુકવામાં આવ્યા છે. ભારે વરસાદના પગલે મુખ્યપ્રધાન, મુખ્ય સચિવ સહિતના અધિકારીઓની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યાં છે. બચાવ અને રાહત સામગ્રી પહોંચાડવાના પ્રયાસ ચાલુ કરવામાં આવ્યા છે. તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી માટે NDRFની ટીમ તૈનાત કરવામાં આવ્યા છે.

# શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા તૃતીય સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ ખાતે શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા સોરઠીયા વાણંદ જ્ઞાતિનાં તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાનાં હેતુસર તૃતીય સરસ્વતી સન્માનનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે જેમાં જ્ઞાતિનાં વિશિષ્ટ પ્રતિભા ધરાવતા વ્યક્તિઓને પણ સન્માનિત કરવામાં આવશે. ગાંધીગ્રામ ખાતે આવેલ એમ.એ. હોલમાં યોજાનાર આ કાર્યક્રમમાં ભાગ લેનાર છાત્રોની વિગત માટેના ફોર્મનું વિતરણ ચાલુ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ જૂનાગઢ શહેર તેમજ પરા વિસ્તારમાં રહેતા સોરઠીયા વાણંદ જ્ઞાતિના છાત્રો જે સારી ટકાવારીથી ઉતીર્ણ થયેલ હોય તેને શિલ્ડ, પ્રમાણ પત્ર તેમજ શૈક્ષણિક વસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવશે. આ કાર્યક્રમ અંગે પ્રમુખ બિપિનભાઈ ભટ્ટી, રાજુભાઈ ચુડાસમા, વિજયભાઈ ચુડાસમાનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

પરસ્ત્રી, પરધન, પરનિંદા, પરિહાસ અને વડીલો સામે ચંચળતા આ સર્વનો ત્યાગ કરવો જોઈએ. - ચાણક્ય નીતિ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. મોહરમ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, અષાઢ વદ-૧ સૌરાષ્ટ્રમાં મોળાકતના પારણા, હિંડોળા પ્રારંભ તા.૨૨ જુલાઈ ૨૦૨૪, સોમવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૧૫, શ્રવણ નક્ષત્ર, પ્રીતિ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૧૭, સૂ.અ.૭:૩૭

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૨૨-૦૭-૨૦૨૪ થી ૨૮-૦૭-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન હિમ્મત આવે, દ્રઢતા અને મક્કમતા કેળવવી. સ્વાસ્થય બાબતે કાળજી રાખવી હિતાવહ. માનસિક સ્વાસ્થય જાળવી રાખશો તો પરિસ્થિતિ સાનુકૂળ રહેશે. નાણાંકીય મુંઝવણ અનુભવાય. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાત વર્ગને લાભ મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન માનસિક બેચેની, ઉત્પાત, અજંપો વર્તાય. આત્મવિશ્વાસ કેળવવો તેમજ તમારા વિચાર અને સિધ્ધાંતોને વળગી રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી હાથયશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વકનું સહનશીલતા સભર વર્તન રાખવું હિતાવહ. સંતાનોથી સારૂં રહે. ઋતુગત બિમારીથી સાવધ રહેવું. તેમજ ખાવા-પીવામાં કાળજી રાખવી હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એકબાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે તેથી નાણાંભીડ અનુભવાય. નોકરીક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકાય નહીં. વિરોધીઓના કારણે વિઘ્ન આવે. વેપાર-ધંધા ક્ષેત્રે સંઘર્ષમય સ્થિતિ રહે. દાંપત્ય જીવનમાં સાનુકૂળ અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂં રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન આકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે, મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવો. નાણાંકીય જવાબદારીઓ વધે, આવક કરતા ખર્ચ વધી જાય. આ સમય દરમિયાન નાણાંનું રોકાણ કરવું નહીં કે મોટા સાહસિક કાર્યમાં ન પડવું. નોકરીયાત માટે આ સમય સારો ગણાવી શકાય. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો અને સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે, જીવનસાથીનો સહકાર મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અને બેચેની અનુભવાય. મનને પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું. ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ, ઉપરી અધિકારીથી ચકમક ઝરે, મિલ્કતો અંગેના પ્રશ્નો યથાવત રહે,

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકો. તેમાં સફળતા મળે જેથી મનમાં આનંદ ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય મુંઝવણ અનુભવાય છતાં કોઈ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય, વિરોધીઓના હાથ હેઠા પડે, નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થી જીવનમાં સંવાદિતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે, નવિન તકો મળે તે વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડીક ગૂંચવાય, ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારું કાર્ય અટકે નહીં. નોકરી-ધંધાક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો, આત્મવિશ્વાસમાં વધારો થાય. ધંધા-વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટેનું આયોજન થાય. નોકરીયાત માટે સારૂં રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓને કારણે વિઘ્ન આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુથી વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે, અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિં તો ગૃહજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાદારી કાર્યો પાર પડે. ખર્ચ વધે. નોકરીયાત વર્ગ માટે સમય સાનુકૂળ છે. ઉપરી અધિકારીવર્ગનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીના પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાંડુની મદદ મળે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી અનુભવાતી બેચેની, અશાંતિ દૂર થાય. આર્થિકક્ષેત્રે સમય સાનુકૂળતાસભર છે. વધારાની આવક ઊભી કરી શકાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલી અંગેના પ્રશ્નો હલ થાય. દાંપત્યજીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂં રહે. અલબત્ત ઋતુગત બિમારીઓથી સંભાળવું હિતાવહ.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચામાં થોડો વધારો થતા નાણાંકીય મુંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત વર્ગ માટે શુભ સમય. સમાધાનકારી વલણ અપનાવું. દાંપત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકારભર્યું વાતાવરણ રહે. આરોગ્ય સારૂં રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય. મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત માટે મિશ્ર સમય, વાણી સંયમ રાખવો અથવા ન બોલવામાં નવ ગુણ જેવી પરિસ્થિતિ રહે. ગૃહસ્થીજીવનમાં મતભેદ ન સર્જાય તે જોવું. આરોગ્ય જાળવવું હિતાવહ.

# એ દુઃખની વાત છે કે, રાજ્યના લોકોનું જનજીવન ગૃહ વિભાગના અધિકારીઓની દયા ઉપર છે : હાઈકોર્ટ

**પોલીસ વિભાગમાં પૂરતી જગ્યા ભરવા બાબતે અધૂરી માહિતી આપવાને લઈ હાઈકોર્ટ નારાજ, પોલીસ વિભાગમાં મોટાપાયે જગ્યાઓ ખાલી હોવા છતાં માત્ર ૫૦ ટકા જગ્યા ભરવાની કાર્યવાહી અને તેમાં પણ ઢીલ બદલ ગૃહ વિભાગ ઉપર હાઈકોર્ટ લાલઘૂમ, કોર્ટની ધીરજની પરીક્ષા નહીં કરવા કરાઈ ટકોર : નવેસરથી યોગ્ય વિગતો રજૂ કરવા ગૃહ વિભાગના સચિવને આખરી મહેતલ, નહીં તો ગૃહ વિભાગના સચિવ સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી કરવામાં આવશે**




અમદાવાદ, તા.૨૨

ગુજરાત રાજ્યમાં પોલીસ દળની મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી હોવા છતાં છેલ્લા એક વર્ષથી માત્ર ઠાલા વચનો આપવામાં આવતા ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્ય સરકારની અત્યંત આકરા શબ્દોમાં ઝાટકણી કાઢવામાં આવી હતી. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ દ્વારા સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા કેટલાય સમયથી મોટા પ્રમાણમાં પોલીસ દળમાં જગ્યાઓ ખાલી છે અને સરકાર માત્ર ૫૦ ટકા જેટલી જગ્યાઓ જ ભરવા માંગે છે અને તેની પણ યોગ્ય વિગતો રજૂ કરતી નથી. અમે રાજ્યના ગૃહ વિભાગના વલણ પ્રત્યે ભારોભાર નારાજગી દર્શાવીએ છીએ કારણ કે, રાજ્યમાં કાયદો અને સ્થિતિની જવાબદારી ગૃહ વિભાગના શિરે છે. પોલીસ ડિપાર્ટમેન્ટની સીધી જ અસર લોકોના જનજીવન સાથે થાય છે પરંતુ ખૂબ જ ખેદજનક વાત છે કે, લોકોનું જીવન ગૃહ વિભાગના અધિકારીઓની દયા ઉપર નિર્ભર છે. આ સાથે હાઈકોર્ટે ગૃહ વિભાગના સેક્રેટરીને છેલ્લી તક આપતા રાજ્યમાં પોલીસ ભરતી બાબતે ખાલી સંખ્યાઓ અને કેટલી જગ્યાઓ ભરવામાં આવશે તે બાબતે સ્પષ્ટ એફિડેવીટ કરી અને વધુ સુનાવણી તા.૨૬ જુલાઈના રોજ રાખી હતી.

કેસની વિગત મુજબ ૨૦૦૯માં સુપ્રીમ કોર્ટમાં આપવામાં આવેલા આદેશ મુજબ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પૂરતી સંખ્યામાં પોલીસ દળ હોવું જરૂરી છે. આ બાબતે સુપ્રીમ કોર્ટે દરેક રાજ્યોની હાઈકોર્ટને રાજ્યોમાં પૂરતી સંખ્યામાં પોલીસ દળ છે કે નહીં તેની ચકાસણી કરવા માટે સુઓમોટો પીઆઈએલ હાથ ધરવા માટે આદેશ કરેલો હતો. તે પ્રમાણે હાઈકોર્ટમાં વર્ષ ૨૦૧૯માં આ પીઆઈએલની શરૂઆત કરવામાં આવી હતી અને સરકાર પાસે ખાલી જગ્યાઓના આંકડા માંગવામાં આવ્યા હતા.

સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ આંકડા મુજબ રાજ્યમાં હથિયારધારી અને બિન હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલ, પોલીસના સબ ઈન્સ્પેક્ટર, પોલીસ ઈન્સ્પેક્ટર એસ.આર.પી.ના જવાનો સહિતની ખૂબ જ મોટી સંખ્યામાં મંજૂર થયેલી જગ્યાઓ છે અને તે હાલમાં ખાલી છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગયા વર્ષે એક સ્પષ્ટ આદેશ કરીને આ જગ્યાઓ ભરવા માટે શું કાર્યવાહી કરવામાં આવી રહી છે તેની વિગતો માંગવામાં આવી હતી પરંતુ અનેક સુનાવણી દરમ્યાન અધુરી અને અસ્પષ્ટ વિગતો આપવામાં આવતા હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. દરમ્યાન ગઈ સુનાવણી દરમ્યાન ગૃહ વિભાગના સચિવ દ્વારા રજૂ કરવામાં આવેલી પોલીસ ભરતીની બ્લુ પ્રિન્ટ પણ અધૂરી માહિતી સાથેની હોવાથી અને તેમાંથી ભરતી બાબતની યોગ્ય સ્પષ્ટતા નહીં હોવાથી હાઈકોર્ટે તેને નવેસરથી રજૂ કરવા માટે આદેશ કર્યો હતો. દરમ્યાન તાજેતરમાં આ કેસની સુનાવણી નીકળતા સરકારી વકીલ દ્વારા તેમની પાસે ગૃહ વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલો ડેટા પૂરતો નહીં હોવાથી અને આ બાબતે એકદમ સ્પષ્ટ અને યોગ્ય એફિડેવિટ રજૂ કરવા માટે વધુ સમયની માગણી કરવામાં આવતા ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ દ્વારા ગૃહ વિભાગની ભારે શબ્દોમાં ઝાટકણી કાઢવામાં આવી હતી. ચીફ જસ્ટિસ દ્વારા સ્પષ્ટ શબ્દોમાં કહી દેવામાં આવ્યું હતું કે, સરકાર હાઈકોર્ટની ધીરજની પરીક્ષા લેવાનું બંધ કરે, જો સરકાર દ્વારા યોગ્ય રીતે જવાબ આપવામાં નહીં આવે તો પછી હાઈકોર્ટ ગૃહ વિભાગના સચિવ સામે અદાલતના તિરસ્કારની નોટિસ કાઢી અને કાર્યવાહી કરશે.

હાઈકોર્ટ વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં જે બેરોજગારીનો સમય ચાલી રહ્યો છે ત્યારે કુલ મંજૂર સંખ્યાની અડધી જ સંખ્યામાં ભરતી કરવાનું શું કારણ છે કારણ કે, એક ભરતી હાથ ધરવામાં આવે તો તેમાં મોટાપાયે જાહેર નાણાંનો ખર્ચ થતો હોય છે ત્યારે આવી રીતે ૫૦ ટકા ભરતી કરવાનું કોઈ કારણ ગળે ઉતરે તેવું નથી. આ બાબતે સમયે સમયે આદેશો કરવામાં આવ્યા છે અને ગૃહ વિભાગને પૂરતો સમય આપવામાં આવ્યો છે તેમ છતાં કાલ્પનિક સોગંદનામાંઓ કરવામાં આવે છે અને યોગ્ય વિગતો રજૂ કરવામાં આવતી નથી.

અદાલતે એ બાબતની પણ ગંભીર નોંધ લીધી હતી કે, રાજ્યમાં પોલીસ ભરતી બોર્ડનું ગઠન નહીં થયું હોવા છતાં ડીજીપી કક્ષાના અધિકારીની ચેરમેન તરીકે નિમણૂક કરી દેવામાં આવી છે. જ્યારે પોલીસ ભરતી બોર્ડ છે તેના જે ચાર સભ્યો છે તેની હજી સુધી નિમણૂક કરવામાં આવી નથી. અદાલતે એવી પણ કટાક્ષ કરી હતી શું આ નિમણૂક હવામાં કરવામાં આવી છે કારણ કે, બોર્ડનું અસ્તિત્વ તો છે જ નહીં તો કેવી રીતે ચેરમેનનું નિમણૂક થઈ શકે ? આ તમામ બાબતોએ હાઈકોર્ટે ગંભીર નોંધ લઈ અને સરકારને આખરી તક આપતા તા.૨૬ જુલાઈના રોજ વધુ સુનાવણી રાખી હતી.

# માત્ર વાદીનું નામ રેવન્યુ રેકોર્ડમાં ચાલુ હોવાના કારણે તે તેના માલિક થઈ શકે નહીં : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી તા.૨૨

સર્વોચ્ચ અદાલતે એક પેશકદમીના કેસમાં સ્પષ્ટતા કરી હતી કે, માત્ર મહેસૂલ રેકોર્ડમાં વાદીનું નામ ચાલુ હોવાથી તે તેને કોઈ ટાઈટલ આપી શકાય નહીં. આ કોર્ટ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ચુકાદા વિરુદ્ધ પ્રાધાન્યવાળી અપીલનો નિર્ણય કરી રહી હતી. કોર્ટે વાદીની બીજી અપીલને મંજૂરી આપી હતી અને પ્રથમ અપીલ કોર્ટના ચુકાદા અને હુકમનામાને રદ કર્યો હતો અને ટ્રાયલ કોર્ટના ચુકાદાને પુર્નઃ સ્થાપિત કર્યો હતો. જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ કે.વી. બેંચ, વિશ્વનાથને જણાવ્યું હતું કે, શિડ્યુલ ટુ લિમિટેશન એક્ટ હેઠળ કલમ ૬૫ શીર્ષકના આધારે પઝેશન માટે દાવો દાખલ કરવા માટે ૧૨ વર્ષની મર્યાદા છે. હાલના કિસ્સામાં માત્ર એ કારણ કે, વાદીનું નામ રેવન્યુ રેકોર્ડ્સ (જામાબંદીઓ)માં ચાલુ હતું, તે તેને ટાઈટલ માટે યોગ્યતા આપી શકે નહીં. મહેસૂલ રેકોર્ડ (જામાબંદીઓ)એ માત્ર મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા કર વસૂલવાના હેતુ માટે અથવા ગ્રામ સભાઓ દ્વારા જમીન મહેસૂલની એન્ટ્રી છે. વાદી જાહેરનામાની રાહતનો દાવો કરવામાં નિષ્ફળ ગયા હોવાથી આ દાવો જાળવવા યોગ્ય રહેશે નહીં. વધુમાં દાવા માટે મર્યાદાનો સમયગાળો મર્યાદા અધિનિયમની અનુસૂચિની કલમ ૫૮ હેઠળ ત્રણ વર્ષનો છે.

ખંડપીઠે જણાવ્યું હતું કે, ગિફ્ટ ડીડના આધારે રેવન્યુ રેકોર્ડ સુધારવામાં રાજ્ય તરફથી સુસ્તી/બેદરકારી ગિફ્ટ ડીડ હેઠળ રાજ્યને આપવામાં આવેલા અધિકારો છીનવી શકશે નહીં. વરિષ્ઠ વકીલ સંજય આર. હેગડે અપીલકર્તાઓ વતી હાજર થયા હતા જ્યારે વરિષ્ઠ એડવોકેટ સિદ્ધાર્થ લુથરા પ્રતિવાદીઓ વતી હાજર થયા હતા. આ કિસ્સામાં એક જમીન ઉત્તરદાતાઓના હિતમાં એક પુરોગામીની હતી અને તેણે ૧૯૫૮માં વેટરનરી હોસ્પિટલના નિર્માણ માટે અપીલકર્તાઓને જમીન દાનમાં આપી હતી અને તેનો કબજો પણ સોંપ્યો હતો. રાજ્યએ ૧૯૫૮-૧૯૫૯ની વચ્ચે જમીન ઉપર પશુ ચિકિત્સા હોસ્પિટલનું નિર્માણ કર્યું અને ત્યારથી તે જમીન ઉપર કાર્યરત હતું. તેમના જીવનકાળ દરમ્યાન પુરોગામીએ ક્યારેય રાજ્ય દ્વારા પેશકદમી અથવા અનધિકૃત કબજાનો આરોપ લગાવતો કોઈ દાવો કર્યો ન હતો અથવા દાખલ કર્યો ન હતો, જો કે, તેમના મૃત્યુ પછી તેમના પુત્રએ ૨૦૦૧માં જમીનના કબજા માટે દાવો દાખલ કર્યો હતો, એટલે કે તે દાન કર્યાના લગભગ ૪૩ વર્ષ પછી. રાજ્યએ આ ફરિયાદના આક્ષેપોને નકારી કાઢ્યા હતા અને દલીલ કરી હતી કે, આ દાવો મર્યાદા પછી કરવામાં આવ્યો હતો અને એવી પણ વિનંતી કરી હતી કે, આ ઘોષણા માટે કોઈ રાહત માંગવામાં આવી ન હોવાથી અને આ દાવો માત્ર કબજા માટે હતો, તે અયોગ્ય છે. ટ્રાયલ કોર્ટે ૨૦૦૩માં દાવો નક્કી કર્યો અને રાજ્યએ અપીલ દાખલ કરી. અધિક જિલ્લા ન્યાયાધીશે અપીલની મંજૂરી આપી, ટ્રાયલ કોર્ટના ચુકાદાને રદ કરીને દાવો ફગાવી દીધો. વાદીએ હાઈકોર્ટ સમક્ષ બીજી અપીલ દાખલ કરી જેણે તેને મંજૂરી આપી અને પ્રથમ અપીલ કોર્ટના ચુકાદાને રદ કર્યો અને ટ્રાયલ કોર્ટના ચુકાદાને પુર્નઃ સ્થાપિત કર્યો. હાઈકોર્ટના આ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં અપીલમાં પડકારવામાં આવ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું કે, રાજ્ય પ્રતિકૂળ કબજાનો દાવો કરી શકતું નથી તેવી દલીલ હાલના કેસ માટે સુસંગત નથી. એ હકીકત વિધિવત રીતે પ્રસ્થાપિત કરવામાં આવી છે કે, વર્ષ ૧૯૫૮-૫૯માં કોઈક સમયે વાદીના હિતમાં પુરોગામીની જમીન ઉપર હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. તે સમયે વાદીના પિતા ઈન્દરસિંઘ જેઓ ઉપરોક્ત જમીનના માલિક હતા તેઓ હયાત હતા અને તેમણે તેની સામે કોઈ વાંધો ઊઠાવ્યો ન હતો, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે, તેમણે તહેસીલમાં વેટરનરી હોસ્પિટલના નિર્માણ માટે જમીન દાનમાં આપી હતી. તે સમયમાં મોટા મકાનમાલિકો તેમની જમીનો જાહેર હેતુ માટે દાનમાં આપવાની સામાન્ય પ્રથા હતી. કોર્ટે કહ્યું કે, તે દુર્ભાગ્યપૂર્ણ છે કે, ૪૩ વર્ષ પછી તેના પુત્રએ કબજા માટે દાવો દાખલ કર્યો છે. પ્રતિવાદી ૧૯૫૮થી કોઈપણ અવરોધ વિના આ જમીનનો કબજો ધરાવે છે. જો વાદીનો કેસ એવો હતો કે, તે જમીન ક્યારેય દાનમાં આપવામાં આવી ન હતી પરંતુ તેમ છતાં હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું હતું, તો વાદીએ ૧૨ વર્ષની અંદર કબજા માટે દાવો દાખલ કરવો જોઈએ. આમ ન કર્યા પછી આ દાવો સ્પષ્ટપણે કબજાની રાહત માટે સમય દ્વારા પ્રતિબંધિત છે. તદનુસાર, સર્વોચ્ચ અદાલતે અપીલને મંજૂરી આપી અને હાઈકોર્ટના ચુકાદાને રદ કરીને પ્રથમ અપીલ કોર્ટના ચુકાદાને સમર્થન આપ્યું હતું.

# DySO અને નાયબ મામલતદારની પરીક્ષાની તારીખો જાહેર કરવા હાઈકોર્ટે આદેશ આપ્યો

## પરીક્ષાની નવી તારીખો એક જ અઠવાડિયામાં જાહેર કરવાનો હાઈકોર્ટનો નિર્દેશ

અમદાવાદ, તા.૨૨

સરકારી પરીક્ષાઓમાં ક્યારેક પ્રશ્નોમાં ગરબડ તો ક્યારેક પેપર ફૂટવાના લીધે પરીક્ષાઓ મોકૂફ રખાતી હોય છે, એમાં પણ GPSC દ્વારા લેવાતી પરીક્ષામાં વારંવાર ભૂલો જોવા મળે છે. ત્યારે તાજેતરમાં યોજાયેલી DySO અને નાયબ મામલતદારની પરીક્ષામાં ૧૯ પ્રશ્નો સામે વાંધો ઉઠાવાતા તેમાં સુધારો કરી નવેસર પરિણામ જાહેર કરતાં નવા ૧૯૨૭ ઉમેદવારો ઉમેરાયા હતા. આ વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી માટે ઓછો સમય મળતાં હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. આ અંગે હાઈકોર્ટે વારંવાર ભૂલો કરતી જીપીએસસીને ફરી એકવાર ફટકાર લગાવતાં DySO અને નાયબ મામલતદારની મુખ્ય પરીક્ષા મુલતવી રાખીને નવી તારીખો એક જ અઠવાડિયામાં જાહેર કરવાનો આદેશ કર્યો છે. વર્ષ ૨૦૨૩માં ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન દ્વારા જાહેરાત આપી તેમાં ડેપ્યુટી સેકશન ઓફિસર- DySO અને નાયબ મામલતદાર વર્ગ૩ની ૧૨૭ જગ્યા માટે અરજીઓ મંગાવી હતી. આ માટે તારીખ ૧૫/૧૦/૨૦૨૩ના રોજ પ્રાથમિક પરીક્ષાનું આયોજન કરાયું હતું અને ૧૮ માર્ચ ૨૦૨૪ના રોજ પરિણામ જાહેર કરાયું હતું, જેમાં ૩૩૪૨ ઉમેદવારો પાસ થયા હતા. જો કે, જીપીએસસી દ્વારા જાહેર કરાયેલી આન્સર કીમાં અમુક પ્રશ્નો શંકાસ્પદ હતા, જેથી કેટલાક ઉમેદવારોએ હાઈકોર્ટનો દ્વાર ખખડાવ્યો અને જીપીએસસીની આન્સર કીના ૧૯ પ્રશ્નોને પડકાર્યા હતા. જેમાં હાઈકોર્ટના હુકમ બાદ જીપીએસસીએ જવાબમાં સુધારો કરીને ૮ જુલાઈ ૨૦૨૪ના રોજ ફરી પરિણામ જાહેર કર્યું. ત્યાર પછી ૧૯૨૭ નવા વિદ્યાર્થી ઉમેરાયા. આ કારણસર જીપીએસસીએ પહેલાં પાસ થયેલા ૩૩૪૨ ઉમેદવાર અને ૧૯૨૭ ઉમેદવાર મુખ્ય પરીક્ષામાં બેસી શકે એ રીતે મુખ્ય પરીક્ષા ૨૩ જુલાઈથી લેવાનું નક્કી કર્યું હતું. જો કે, નવા ઉમેદવારોની માંગ હતી કે જીપીએસસી નવા ઉમેદવારોને મુખ્ય પરીક્ષાની તૈયારી માટે ચારેક મહિનાનો સમય આપે. નવા ઉમેરાયેલા ૧૯૨૭ ઉમેદવારને માત્ર ૧૪ દિવસ જ મળ્યા હતા. એટલે માર્ચમાં યોજાયેલી પરીક્ષામાં પાસ થયેલા ૩૩૪૨ ઉમેદવારોએ ૫ મહિના પહેલાં જ મુખ્ય પરીક્ષાની તૈયારી શરૂ કરી હતી. આમ પાછળથી ઉમેરાયેલા ઉમેદવારો સાથે અન્યાય કરતાં તે ગુજરાત હાઈકોર્ટ પહોંચ્યા હતા. નવા ઉમેરાયેલા ૧૯૨૭ ઉમેદવારે માંગ કરી હતી કે, અમને પણ ઓછામાં ઓછો ૨ મહિનાનો સમય તૈયારી માટે આપો, હાઈકોર્ટે ચુકાદામાં નોંધીને જીપીએસસીને નિર્દેશ આપ્યો છે કે જીપીએસસી દ્વારા કામચલાઉ પરિણામ ૦૮/૦૭/૨૦૪ના રોજ પ્રકાશિત કરાયું હતું. નવા ઉમેરાયેલા ઉમેદવારોને મુખ્ય પરીક્ષાની તૈયારી કરવા માત્ર ૨ અઠવાડિયાનો સમય અપાયો છે કારણ કે તેઓ અયોગ્ય જાહેર કરાયા હતા. જ્યારે અન્ય પાત્ર ઉમેદવારોને તૈયારી માટે ૧૬ અઠવાડિયાનો સમય મળ્યો છે. જો કે, આ કારણસર મુખ્ય પરીક્ષામાં વધુ વિલંબ થઈ શકે નહીં. આ ઉપરાંત હાઈકોર્ટે જીપીએસસીને ૨૩/૦૭/૨૦૨૪થી ૨૬/૦૭/૨૦૨૪ દરમ્યાન યોજાનારી મુખ્ય પરીક્ષાને રદ કરવા અને આજથી છ અઠવાડિયાના સમયગાળા પછી મુખ્ય પરીક્ષા માટે નવી તારીખો જાહેર કરવા માટે પણ નિર્દેશ આપ્યો છે. કોર્ટે મુખ્ય પરીક્ષા આયોજિત કરવાની નવી તારીખો એક સપ્તાહની અંદર જાહેર કરવા પણ જણાવ્યું છે.

# બાંગ્લાદેશમાં અનામત મુદ્દે હિંસા; અત્યાર સુધીમાં ૩૯ લોકોના મોત

ઢાકા, તા. ૨૨

બાંગ્લાદેશની રાજધાની ઢાકા સહિત અનેક જગ્યાએ અનામતને લઈને હિંસા ફાટી નીકળી હતી. આ હિંસામાં અત્યાર સુધીમાં ૩૯ લોકોના મોત થયા છે જ્યારે સેંકડો લોકો ઘાયલ થયા છે. વર્તમાન આરક્ષણ પ્રણાલી હેઠળ, ૫૬ ટકા સરકારી નોકરીઓ અનામત છે, જેમાંથી ૩૦ ટકા ૧૯૭૧ના મુક્તિ સંગ્રામના સ્વાતંત્ર્ય સેનાનીઓના વંશજો માટે, ૧૦ ટકા પછાત વહીવટી જિલ્લાઓ માટે, ૧૦ ટકા મહિલાઓ માટે, પાંચ ટકા નોકરીઓ માટે છે. વંશીય લઘુમતી જૂથો અને વિકલાંગ વ્યક્તિઓ માટે એક ટકા અનામત છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અમુક નોકરીઓ અનામત રાખવાની સિસ્ટમ સામે ઘણા દિવસોથી રેલીઓ કરી રહ્યા છે.

# ચાંદીપુરા વાયરસ એ ચેપી રોગ નથી, પરંતુ તકેદારી જરૂરી : રાજ્યમાં ઝુંબેશ હાથ ધરાશે

**ચાંદીપુરા વાયરસના સેમ્પલનું ટેસ્ટિંગ હવે ગાંધીનગરમાં જ કરાશે : આરોગ્યમંત્રીની જાહેરાત, મુખ્યમંત્રીએ બેઠક યોજી સ્થિતિની સમીક્ષા કરી ડસ્ટીંગ ડ્રાઈવ માટે આપી સૂચના**

ગાંધીનગર, તા.૨૨

ઉત્તર ગુજરાતથી શરૂ થયેલ ચાંદીપુરા વાયરસનો શંકાસ્પદ રોગચાળો રાજ્યમાં અન્યત્ર પણ ફેલાતા અને તેના કેસની સંખ્યા વધતા સરકારી તંત્રની દોડધામ વધી જવા પામી છે. થોડા દિવસોથી કેસોમાં ઉછાળો આવી રહ્યો હોઈ રાજકોટમાં ૩, અમદાવાદમાં ૨ અને પંચમહાલ જિલ્લામાં ૧ બાળકનું મોત થયા છે. રાજ્યભરમા ચાંદીપુરા વાયરસના કુલ કેસની સંખ્યા વધીને ૩૩ થઈ છે. મૃત્યુઆંક વધીને ૧૬ થયો છે. આ વાયરસની અસર ગ્રામીણ વિસ્તારથી આગળ વધી અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં પણ જોવા મળી રહી છે. વાઈરસનાં સેમ્પલ ટેસ્ટિંગ અંગે રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે એક મોટી જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ચાંદીપુરા વાયરસનાં સેમ્પલનું ટેસ્ટિંગ હવે GBRC(ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર)માં થશે. સેમ્પલને પૂણે મોકલવાં નહીં પડે અને ગાંધીનગરમાં જ ટેસ્ટિંગ થઈ જશે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલને પૂછ્યું કે સેમ્પલના રિપોર્ટ આવવામાં કેમ મોડું થાય છે ? એના જવાબમાં તેમણે જાહેરાત કરતાં કહ્યું હતું કે હાલ સુધી સેમ્પલ પૂણે મોકલતા હતા, પણ હવે જીબીઆરસીમાં વ્યવસ્થા કરી છે, એટલે ઝડપથી રિપોર્ટ મળશે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે હાલની રોગચાળા અને વરસાદની સંભવિત પરિસ્થિતિને ધ્યાનમાં રાખી રિવ્યૂ કરવામાં આવ્યો છે. ચાંદીપુરાના ૨૯ સસ્પેક્ટેડ કેસ જોવા મળ્યા છે, જેમાં ૧૫નાં મોત થયાં છે. મોટે ભાગે ૪ વર્ષથી ૧૪ વર્ષ સુધીનાં બાળકોમાં આ પ્રમાણ જોવા મળ્યું છે. પરીક્ષણ માટે પૂણે સેમ્પલ મોકલ્યા છે. ૭માંથી ૧ જ કન્ફર્મ ચાંદીપુરા વાયરસનો કેસ જોવા મળ્યો છે. રાજ્યના તમામ જિલ્લામાં અધિકારીઓને સૂચના આપી પગલાં લેવા માટે કહેવાયું છે. રેતીની માખી જ્યાં એનું ઘર બની રહે ત્યાં દવાનો છંટકાવ કરવા ટીમોને કામે લગાવી અને આવનારા દિવસોમાં તમામ જિલ્લામાં ડ્રાઈવ હાથ ધરવામાં આવશે. આરોગ્ય વિભાગ આ માટે એક સઘન પ્રયાસ હાથ ધરશે અને એકપણ જગ્યા બાકી ન રહે એવો પ્રયાસ કરવામાં આવશે.

મંત્રીશ્રીએ જણાવ્યું તું કે કોરોનાકાળમાં ડર હતો કે ચેપ લાગશે એ રીતે આ ચેપી રોગ નથી, પરંતુ પ્રિકોશન રાખવાની ખૂબ જરૂરી છે. આરોગ્ય વિભાગે એડવાઈઝરી પણ જાહેર કરી છે. બાળકને તાવ આવે કે તરત જ પીએચસી કે સીએચસી અથવા શક્ય હોય તો નજીકની મોટી હોસ્પિટલમાં તાત્કાલિક સંપર્ક કરી સારવાર કરાવે એ પ્રાથમિક તબક્કે ખૂબ જરૂરી છે. જો સારવાર માટે લાંબો સમય લાગી જાય તો મૃત્યુઆંક વધે છે. હજુ પણ રાજ્યના તબીબો સાથે, આરોગ્ય વિભાગની ટીમ સાથે આ રોગમાં લાઈન ઓફ ટ્રીટમેન્ટ કેવી રીતે થઈ શકે ? એ બાબતની વીડિયોકોન્ફરન્સના માધ્યમથી ચર્ચા કરીશું. આ રોગને કાબૂમાં લાવી શકાય એમ છે, જેથી લોકો પાણી ભરાયાં હોય ત્યાં દવાનો છંટકાવ કરે, મચ્છરથી બચવા મચ્છરદાનીનો ઉપયોગ કરે. ઈમ્યુનિટી ઓછી હોય એવા લોકોને આ રોગ થાય છે. હાલમાં ૨૯ દર્દીમાંથી ૧૫નાં મોત થયાં છે અને બાકીના સારવાર લઈ રહ્યાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિ અને રોગચાળા નિયંત્રણ અંગેનાં પગલાંની સમીક્ષા કરી હતી. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજિત આ બેઠકમાં મુખ્યમંત્રીએ રાજ્યના મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ સાથે વીડિયોકોન્ફરન્સ કરીને તેમના જિલ્લાની કામગીરીની વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીએ જિલ્લાઓમાં રોગ અટકાયત માટે મેલેથિયન પાઉડર દ્વારા ડસ્ટિંગ માટેની ડ્રાઈવ હાથ ધરવા તેમજ કોઈપણ તાવના કિસ્સામાં તરત જ સઘન સારવાર અપાય એ બાબત સુનિશ્ચિત કરવા માર્ગદર્શન આપ્યું હતું. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આ રોગચાળા સામે રક્ષણ આપતા ઉપાયો આશાવર્કર બહેનો, આંગણવાડી કાર્યકર બહેનો, નર્સ બહેનો જેવા પાયાનાં કર્મીઓ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં હાથ ધરવા પણ સૂચન કર્યું હતું.

### ચાંદીપુરા વાયરસ ફેલાવનાર સેન્ડ ફ્લાય સામાન્ય માખી કરતાં ચાર ગણી નાની



રાજ્યમાં ચાંદીપુરા વાઈરસે હાહાકાર મચાવવાનું શરૂ કરી દીધું છે. સંક્રમણ વધવાના કારણે દેશની હેલ્થ એજન્સીઓ એલર્ટ થઈ છે. આ વાઈરસ પાછળ મુખ્ય જવાબદાર સેન્ડ ફ્લાય છે. જે કરડવાથી બાળકોમાં ચાંદીપુરા વાઈરસ ફેલાય છે સેન્ડ ફ્લાય ઘરની અંદરની બાજુએ કાચી કે પાકી દીવાલ ઉપર ભેજવાળા વાતાવરણમાં જોવા મળી છે. સેન્ડ ફ્લાય તેની ઉત્પત્તિ માટે ઈંડાં મૂકે છે, તેમાંથી મચ્છરની જેમ ઈયળ, કોશેટો અને તેમાંથી પુખ્ત માખી બને છે. આ સેન્ડ ફ્લાય નરી આંખે જોઈ શકાય તેવી સામાન્ય માખી કરતાં ચાર ગણી નાની હોય છે. સેન્ડ ફ્લાય ઘરની અંદરની બાજુએ તેમજ બહારની પાકી કે કાચી દીવાલ ઉપરની તિરાડો તેમજ ભેજવાળા વાતાવરણમાં ઈંડાં મૂકે છે. ગ્રામ્ય વિસ્તારોનાં ઘરોમાં ખાસ કરીને ગાર-લીંપણવાળાં ઘરોમાં દીવાલની તિરાડો તેમજ દીવાલમાં રહેલાં નાનાં છિદ્રોમાં રહે છે. એક પ્રકારના વાયરસને કારણે ચાંદીપુરા વાઈરસ, તાવ તેમજ કાલા આઝાર રોગ થાય છે. જેના ફેલાવા માટે સેન્ડ ફ્લાય જવાબદાર છે. આ રોગ સામાન્ય રીતે ૭થી ૧૪ વર્ષનાં બાળકોમાં રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોવાના કારણે જોવા મળે છે. સેન્ડ ફ્લાયથી બચવા માટે ઘરની દીવાલોમાં અંદરના તેમજ બહારના ભાગમાં રહેલાં છિદ્રો તેમજ તિરાડોને પુરાવી દેવી જોઈએ. ઘરની અંદરના ભાગે શક્ય હોય ત્યાં સુધી હવા ઉજાસ (સૂર્યપ્રકાશ આવે) રહે તેવી વ્યવસ્થા કરવી. ૦ થી ૧૪ વર્ષ સુધીનાં બાળકોને જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીમાં સુવડાવવાનો આગ્રહ રાખો. બાળકોને શક્ય હોય ત્યાં સુધી ખુલ્લા શરીરે ઘરની બહાર આંગણામાં (ધૂળમાં) રમવા દેવા નહીં. ચાંદીપુરાનાં લક્ષણો દેખાય તો ડોક્ટર પાસે જવું અને તાત્કાલિક સારવાર માટે દાખલ કરવા. જેવા ઉપાયો અપનાવવા જોઈએ.

બમ..બમ..ભોલે... ઉત્તર ભારતીય શ્રાવણ પ્રારંભ બે દિવસ પુર્વે જ

# સોમનાથ મહાદેવ મંદિર ગંગાજળ કાવડીયા ભાવિકોથી ગુંજી ઉઠયું



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૨

ઉત્તર ભારતમાં પવિત્ર શ્રાવણ માસનો બે દિવસ બાદ પ્રારંભ થઈ રહયો છે તેવા આ પાવનકારી અવસરે મહારાષ્ટ્રના પુણે જીલ્લાના ઈન્ડાપુર ગામના ૮૫ કાવડયાત્રી શિવભકતો ગત શનિવારે સોમનાથ આવી પહોંચ્યા હતા. યાત્રા સંઘ સંચાલક સુનિલ કાંબલેજીએ વિગત આપતા જણાવ્યું હતું કે, તેઓ નાસીક, ત્ર્યંબકેશ્વરના પવિત્ર જળકુંડના જળ સોમનાથ મહાદેવને ચઢાવવા આવેલ છે. તેઓ પાંચ મોટા વાહનોમાં આ યાત્રા કરી અહીં આવ્યા છે. તેઓએ આ રીતે ૧૨ જયોર્તિલીંગ અને ચાર ધામની યાત્રા ક્રમવાર પ્રત્યેક શ્રાવણ માસમાં કરવા સંકલ્પ કર્યો છે. તેઓની સાથે તેમના સંત સુહાસ સેવાલે પણ આ યાત્રામાં છે. અહીંથી તેઓ દ્વારકા જવા રવાના થયા છે. સોમનાથ મંદિર પાસે તેઓના પરંપરાગત બેન્ડવાજા, ભક્તિતાન અને સાથે લાવેલ કાવડની પૂજા કરી સૌએ સોમનાથ મહાદેવના દર્શન-પૂજા અને જળાભિષેક કરી ધન્યતા અનુભવી હતી.

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ ૯૬ ટકા રેટ સાથે પ્લેસમેન્ટ રાઉન્ડ પૂર્ણ કર્યો




(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનવિર્સિટીએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે સફળતાપૂર્વક પ્લેસમેન્ટ રાઉન્ડ પૂર્ણ કર્યો હોવાની જાહેરાત કરી છે. વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓએ અગ્રણી સ્ટાર્ટઅપ્સ, મલ્ટીનેશનલ કોર્પોરેશન્સ અને જોડાણ કરવાની તક મળી હતી. પ્લેસમેન્ટની સફળતાનો રેટ ૯૬ ટકા રહ્યો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪માં વિદ્યાર્થીઓને વાર્ષિક રૂા. ૫.૪ લાખનું એવરેજ પેકેજ ઓફર કરવામાં આવ્યું હતું.

બી.ટેક (કોમ્પ્યુટર સાયન્સ, મિકેનિકલ એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ), બીએસસી એગ્રિકલ્ચર, કેમિકલ એન્જિનિયરિંગ, બીબીએ, એમબીએ, બીકોમ, બીસીએ, એમસીએ, ડિપ્લોમા અને કોમ્પ્યુટર સાયન્સ સાથે એમ.ટેક સહિત વિવિધ વિષયોના વિદ્યાર્થીઓએ આ પ્લેસમેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં પ્રત્યેક વિદ્યાર્થીઓ ઉંચા પદ અને પેકેજ મેળવવામાં સફળ રહ્યા છે.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડન્ટ આદિ જૈને જણાવ્યું હતું કે,“પ્લેસમેન્ટ રાઉન્ડમાં અમારા વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનો અમારી સંસ્થાના ગૌરવમાં વધારો કરે છે. વિવિધ તકો અને પ્લેસમેન્ટનો ઉંચો દર યુનિવર્સિટીની કૌશલ્યના વિકાસ અને ઈનોવેશનને વેગ આપવાની પ્રતિબદ્ધતાનું પરિણામ છે. અમારા અભ્યાસક્રમને ઉદ્યોગની જરૂરિયાતોને અનુરૂપ બનાવવાના અમારા સતત પ્રયાસોએ અમારા વિદ્યાર્થીઓને આ સફળતા અપાવી છે. અમે અમારા વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીના લક્ષ્યો હાંસલ કરવામાં મદદરૂપ થવા પ્રતિબદ્ધ છીએ.”

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટીમાં આ વર્ષે પ્લેસમેન્ટ પ્રક્રિયામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં તેમજ કેમ્પસની મુલાકાત લેતી કંપનીઓની વિવિધતામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. ૨૦૨૪માં, લગભગ ૨૫૮ કંપનીઓએ કેમ્પસમાં અને કેમ્પસની બહાર એમ બંને રીતે વર્ચ્યુઅલ મોડ અથવા તો ફેસ ટુ ફેસ મોડમાં યુનિવર્સિટીના પ્લેસમેન્ટ રાઉન્ડમાં ભાગ લીધો હતો. જેમાં સર્વિસ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, હેલ્થકેર, ટેલિકોમ્યુનિકેશન, ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોની કંપનીઓ સામેલ હતી. તેમાં ફ્લિપકાર્ટ, મારૂતિ સુઝુકી, એસ્ટ્રાઝેનેકા, ટીસીએસ, અમેરિકન એકસપ્રેસ, ઈન્ડિયામાર્ટ, લોરિયલ, બાયજૂસ, એક્સિસ બેન્ક, વિપ્રો અને QSPIDER પ્રાઈવેટ લિમિટેડ જેવી દિગ્ગજ કંપનીઓ સામેલ થઈ હતી.

કોમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ ક્ષેત્રે જૈનિશ પ્રજાપતિ, શરદ એસ પંચાલ અને જયસ્વાલ વિનિત કુમાર, મુકેશ કુમાર સહિત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સૌથી વધુ પેકેજ મળ્યા હતા. વધુમાં ધીરજ ચૌધરીઉત્કૃષ્ટ પ્રદર્શન આપી અમેરિકા સ્થિત સાત યુનિવર્સિટીમાં એડમિશન મેળવવામાં સફળ રહ્યો હતો. જો કે, તેણે ન્યૂયોર્ક સ્થિત કોર્નેલ યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર સાયન્સમાં પોસ્ટ ગ્રેજ્યુએટ માટે પ્રવેશ લીધો હતો. પ્લેસમેન્ટ રાઉન્ડ્સ માટે યુનિવર્સિટીના ફેકલ્ટી સભ્યોએ કેમ્પ્સ ભરતી તાલીમ આપી હતી. જેમાં વિદ્યાર્થીઓને કંપનીની આવશ્યકતાઓને અનુરૂપ કસ્ટમાઈઝ્ડ તાલીમ, મોક ડ્રાઈવ્સનું આયોજન કરાયું હતું. તેમજ સેમિનાર અને વેબિનારની શ્રેણી સાથે પ્લેસમેન્ટ રાઉન્ડ માટે વિદ્યાર્થીઓને સજ્જ કર્યા હતા.

# ક્રિકેટર એન્ડ્રૂ ફલિન્ટોફના દીકરાએ ૧૬ વર્ષની ઉંમરે રચ્યો ઈતિહાસ

લંડન, તા.૨૨

ઈંગ્લેન્ડ અને શ્રીલંકાની અંડર-૧૯ ટીમો વચ્ચે હાલ ટેસ્ટ મેચ રમાઈ રહી છે. બીજી ટેસ્ટમાં ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર એન્ડ્રૂ ફલિન્ટોફના દીકરા રોકી ફલિન્ટોફે પોતાની પ્રતિભાનો પરિચય આપતા તેનાં પિતાની ક્રિકેટ જગતમાં આબરૂને છાજે એવું કામ કરી બતાવ્યું છે.

ઈંગ્લેન્ડના ચેલ્ટનહેમમાં શ્રીલંકા વિરુદ્ધ બીજી યૂથ મેન્સ ટેસ્ટના ત્રીજા દિવસે ઈંગ્લેન્ડની ટીમે પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. આ મેચમાં રોકી ફલિન્ટોફે એક એવું કામ કરી બતાવ્યું હતું જે અંડર-૧૯ ક્રિકેટમાં આજ સુધી કોઈ કરી શક્યું નથી. પોતાના પિતા એન્ડ્રૂ ફલિન્ટોફની હાજરીમાં રોકી ફલિન્ટોફ ઈંગ્લેન્ડ માટે અંડર-૧૯ ક્રિકેટમાં સદી ફટકારનાર સૌથી ઓછી ઉંમરનો ક્રિકેટર બન્યો હતો. ૧૬ વર્ષના રોકી ફલિન્ટોફે ૧૦૬ રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ માટે તેણે ૧૮૧ બોલ લીધા હતા. પોતાની ઈનિંગમાં તેણે ૨ છગ્ગા અને ૯ ચોગ્ગા ફટકાર્યા હતા. જેક કાર્ની સાથે તેણે છઠ્ઠી વિકેટ માટે ૭૮ રન જોડ્યા હતા. જેની મદદથી ઈંગ્લેન્ડની ટીમ ૩૨૪ રન બનાવી શકી હતી. ૨૦૦૭ના ્૨૦ વર્લ્ડકપને ક્રિકેટ પ્રેમીઓ ભૂલી નહીં શકે. આ ટુર્નામેન્ટમાં ભારત અને ઈંગ્લેન્ડની મેચ દરમિયાન યુવરાજ સિંહ એન્ડ્રૂ ફલિન્ટોફના કારણે ઉશ્કેરાઈ ગયો હતો. આ ઉશ્કેરણીના કારણે બાદમાં સ્ટુઅર્ટ બ્રોડની ઓવરમાં યુવરાજે ૬ બોલમાં ૬ છગ્ગા ફટકારી દીધા હતા. એન્ડ્રૂ ફલિન્ટોફે ઈંગ્લેન્ડ માટે ૨૨૭ મેચમાં ૪૦૦ વિકેટ લીધી છે. ક્રિકેટના ત્રણ ફોરમેટમાં ૭ હજાર રન બનાવ્યા છે. ક્રિકેટ જગતમાં બાપ દીકરો બંને ક્રિકેટ રમ્યા હોય એવી ઘણી ઘટનાઓ અગાઉ પણ બની છે. ૧૯૮૩ની વર્લ્ડકપ વિજેતા ટીમના હીરો મોહિન્દર અમરનાથના પિતા લાલા અમરનાથ પણ સારા ક્રિકેટર રહી ચૂક્યા છે. એ જ ટીમના ઓપનર લિટલ માસ્ટર સુનિલ ગાવાસ્કરનો દીકરો રોહન ગાવસ્કર પણ ક્રિકેટ રમી ચૂક્યો છે. તો એ જ ટીમના ફાસ્ટ બોલર ક્રિકેટર રોજર બિન્નીનો દીકરો સ્ટુઅર્ટ બિન્ની પણ ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર રહી ચૂક્યો છે અને ૨૦૧૧ની વર્લ્ડકપ વિજેતા ટીમનો હિસ્સો પણ રહી ચૂક્યો છે. આ સિવાય વેસ્ટ ઈન્ડિઝના ક્રિકેટર શિવનારાયાણ ચંદ્રપોલનો મોટો દીકરો ટિંગેરિન ચંદ્રપોલ પણ ક્રિકેટર છે. ઈંગ્લેન્ડના સ્ટુઅર્ટ બ્રોડના પિતા ક્રિસ બ્રોડ ઈંગ્લેન્ડની ટીમમાં રમી ચૂક્યા છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટર શોન માર્શ અને મિચેલ માર્શના પિતા પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર રહી ચૂક્યા છે.

# જૂનાગઢના જાણીતા ચિત્રકાર રજનીકાંત અગ્રાવત અને નિરૂપા સોઢાતારે મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી



જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢના જાણીતા ચિત્રકાર રજનીકાંત અગ્રાવત તેમજ તેમના શિષ્ય નિરૂપા સોઢાતારે તા.૧૫/૭/૨૦૨૪ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની કલાને લઈને એક મુલાકાત કરી હતી તેમનું કામ જોઈને ભુપેન્દ્રભાઈ ખૂબ રાજીપો વ્યક્ત કર્યો હતો તેમજ તેમના પ્રોજેક્ટને યોગ્ય સહકાર આપવાની ખાતરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગત તારીખ ૨૬ જાન્યુઆરીના રોજ જૂનાગઢ ખાતે ઉજવણી વખતે રજનીક અગ્રાવતનું મુખ્યમંત્રી તેમજ ગુજરાતના રાજયપાલે વિશેષ વ્યક્તિ સન્માન કરેલું હતું.

વહીવટી તંત્રની પ્રતિબદ્ધતા...

# જૂનાગઢ જિલ્લામાં થયેલા ભારે વરસાદને પગલે વિવિધ અધિકારીઓની ટીમએ ગામડાઓની મુલાકાત લીધી



જૂનાગઢ તા.૨૨

છેલ્લા ત્રણ દિવસમાં જૂનાગઢ જિલ્લામાં ધોધમાર વરસાદ હતો. જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રની પ્રતિબદ્ધ છે. જૂનાગઢ જિલ્લામાં થયેલા ભારે વરસાદને પગલે વિવિધ અધિકારીશ્રીઓની ટીમને ગામડાઓની મુલાકાત લેવા જિલ્લા કલેકટર શ્રી અનિલ રાણાવસિયા દ્વારા સૂચના આપવામાં આવી હતી.

ભારે વરસાદને પગલે જૂનાગઢ જિલ્લાના તાલુકાના તમામ સંબંધિત અધિકારીશ્રીઓની ટીમ બનાવી હતી. ભારે વરસાદથી પ્રભાવિત જિલ્લાના અલગ-અલગ ગામડાઓની મુલાકાત લેવામાં આવી હતી. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, તાલુકા મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તલાટી કમ મંત્રીશ્રી અને જૂનાગઢ જિલ્લા આરોગ્ય પંચાયતના કર્મચારીશ્રીઓ દ્વારા જૂનાગઢ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ટીમ દ્વારા માંગરોળ, વંથલી અને કેશોદ તાલુકા સહિતના અસરગ્રસ્ત ગામોની મુલાકાત લેવામાં આવી હતી. શાળાઓ, આંગણવાડીઓ, ગ્રામ પંચાયતના મકાન, આરોગ્ય કેન્દ્ર વગેરેની ચકાસણી કરવામાં આવી હતી.

સાફસફાઈની આવશ્યકતા હોય તે સ્થળો પર જરુરિયાત મુજબ દવાનો છંટકાવની કામગીરી કરવા સૂચના આપી હતી. ગ્રામ્ય વિસ્તારમાં જર્જરિત મકાનોમાં રહેતા લોકોને વધુ વરસાદની સ્થિતિમાં સ્થળાંતર કરવા સમજૂત કરવામાં આવ્યા. ફૂડ પેકેટ તૈયાર રાખવાની સૂચના આપવામાં આવી હતી.

પ્રવર્તમાન સેન્ડ ફ્લાય માખીથી ફેલાતા ચાંદીપુરા વાયરસ અનુસંધાને ગ્રામજનોને આ રોગથી કઈ રીતે બચી શકાય તેમજ તકેદારી રાખી શકાય તે અંગે વિગતો આપવામાં આવી હતી. બાળકોમાં આ વાયરસ ઝડપી ફેલાતો હોવાથી તેમના સ્વાસ્થ સંબંધિત ખાસ તકેદારી રાખવી તેમજ યોગ્ય સમયે ચેક-અપ કરવા જણાવ્યું હતું.

વંથલી તાલુકાના સેલેરા ગામે અવિરત વરસાદને લીધે ગામ તરફના રસ્તા ઉપર ખૂબ પાણી ભરાતા બે ગ્રામજનો પાણીના પ્રવાહમાં ફસાયા હતા, જેમને ગામના જાગૃત્ત લોકો દ્વારા તેમજ તરવૈયા રમેશભાઈ પીઠીયા દ્વારા રેસક્યુ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

## માણાવદરના સરદારગઢ ગામે ગૌચરની જમીનની પેશકદમી દુર કરવા અધિકારીઓ હાજર ન રહયા

માણાવદર તા. ૨૨

માણાવદરના સરદારગઢ ગ્રામ પંચાયત દ્વારા તા.૩-૭-૨૧ ના રોજ ગૌચરની જમીનની પેશકદમી દુર કરવા પેશકદમી કરનારને નોટીસ પાઠવેલ હતી. ત્યારબાદ સદરહું જમીન ઉપરથી પેશકદમી હટાવવા તેનું ડીમોલેશન કરવા તા.૧૯-૭-૨૪ના રોજ ગ્રામ પંચાયત દ્વારા તાલુકા કક્ષાએથી અધિકારીઓને હાજર રહેવા જાણ કરવામાં આવેલ તેમ છતાં તાલુકા કક્ષાના અધિકારીઓ હાજર રહયા ન હતા. કયાં કારણોસર આ અધિકારીઓ હાજર ન રહયા તેવો પ્રશ્ન સરદારગઢ ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા ઉઠાવવામાં આવેલ છે. એકબાજુ સરકાર પેશકદમી દુર કરવાનું કહે છે જયારે કાર્યવાહી કરાઈ છે તો અધિકારીઓ હાજર રહેતા નથી. ત્યારે હવે પછી આ પેશકદમી દુર કરવાની જવાબદારી લાગતા વળગતા તાલુકા કક્ષાના અધિકારીઓની રહેશે તેમ ગ્રામ પંચાયતના સરપંચે જણાવેલ છે.

# જામવાળા નજીક સૌરાષ્ટ્રનો સુપ્રસિદ્ધ જમજીર ધોધ સોળે કળાએ ખીલી ઉઠયો



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૨

ભારે વરસાદ બાદ ગીર સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. ગીરમાં આવેલો સૌરાષ્ટ્રની શાન ગણાતો જમજીરનો ધોધ ગર્જ્યો જમજીરનો ધોધ સૌ કોઈના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. હાલ આ ધોધ સુધી પહોંચવું દુર્ગમ બન્યું છે. ધોધ સુધી પહોંચવાના માર્ગ ઉપર પાણી જ પાણી છે. કોડીનાર તાલુકાના ગીર જંગલને અડીને આવેલા ઘાંટવડ અને જામવાળા વચ્ચે આવેલા સૌરાષ્ટ્રનાં સુપ્રસિદ્ધ જમજીર ધોધના છેલ્લા દસ દિવસ ગીરમાં પડી રહેલા અવિરત વરસાદ બાદ જમજીરનો ધોધે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી ચુક્યો છે. શિંગવડા નદીમાં આવેલો આ ધોધ હાલ સૌ કોઈના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ભારે વરસાદ બાદ શિંગોડા ડેમ જુલાઈ માસના રૂલ લેવલે છલકાયો છે જેના કારણે ડેમનો ૧ દરવાજો ૦.૩૦ મીટર ખોલવાની ફરજ પડી છે. ડેમનો દરવાજો ખોલતા પુષ્કળ પ્રમાણમાં પાણી શિંગવડા નદીમાં વહી રહ્યું છે. જેના કારણે જમીજીરના ધોધ ઉપર પાણીની આવક વધતા ધોધ તેના રૌદ્ર સ્વરૂપે ગરજી રહ્યો છે. જમજીરના ધોધના નયન રમ્ય દ્રશ્યો અને ગીરની ખૂબસૂરતી જાણે અહીં કુદરત વસતા હોઈ તેવો એહસાસ થઈ રહ્યો છે. આમ તોર પર આ જમજીરના ધોધને નિહાળવા સેંકડો પર્યટકો આવતા હોય છે. પરંતુ હાલમાં ધોધના રસ્તાઓ ઉપર પાણી ફરી વળ્યાં છે જેના કારણે અનેક કિલો મિટર ફરી કાચા રસ્તા ઉપર જવાની ફરજ પડે છે.જેટલો આ ધોધ રમણીય અને નયન રમ્ય લાગે છે તેટલો જ તે કોફનાક અને ભયાનક પણ છે. ધોધ નજીક સેલ્ફી લેવી કે નહાવું ખતરનાક છે.અકસ્માતે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે જેના કારણે પ્રસાસન દ્વારા અહીં નજીક ન જવા અને ધોધમાં નહાવા ઉપર પ્રતિબંધ લગાવ્યો છે.

## કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ચાનદીપુરામ બીમારીથી બચવા દવાનો છંટકાવ



ડોળાસા, તા.૨૨

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ચાનદીપુરા વાઈરસથી બચવા ગામ આખામાં દવાની છંટકાવ કરવામાં આવ્યો છે. કોડીનારના ડોળાસા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિઠ્ઠલપુર તથા ગ્રામ પંચાયત ડોળાસાના સંયુક્ત પ્રયાસે ચાનદીપુરા વાઈરસના કહેરને ધ્યાનમાં રાખી કલેક્ટરની સૂચના મુજબ સમગ્ર ગામમા મેલેથીયોન દવાનો સંટકાવ યુદ્ધના ધોરણે કરવામાં આવેલ જેમાં ગામના કાચા મકાનો, શેરી, ફળીયા, સરકારી તથા ખાનગી શાળાઓ, આંગણવાડી કેન્દ્રો, અન્ય સરકારી સંસ્થાઓ તેમજ સમગ્ર ગ્રામ્ય વિસ્તારને આવરી લેવામાં આવેલ. મેલેથીયોનના છટકાવથી ચાનદીપુરા વાઈરસના ફેલાવા માટે જવાબદાર માખી તથા તેમના બચ્ચાનો નાશ થાય છે અને આપડે રોગ સામે રક્ષણ મેળવી શકીયે છીએ. આગામી દિવસોમાં ચાંદીપુરા રોગ અટકાયતી પગલાના ભાગેરૂપે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ડોળાસાના કર્મચારી દ્વારા સઘન સર્વેલન્સ તથા આઈઈસી કામગીરી ચાલુ કરવામાં આવશે.

## નર્મદા પાઈપલાઈન વિવિધ જોડાણ કામગીરી શરૂ

### જૂનાગઢ જીલ્લાની વિવિધ ૪ જૂથની પાણી પુરવઠા યોજનાઓમાંથી પાણી મેળવતા વિસ્તારોમાં પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરવા અનુરોધ

જૂનાગઢ, તા. ૨૨

નર્મદા પાઈપલાઈન આધારિત ગઢડા હેડ વર્કસથી ચાવંડ હેડવર્કસ સુધીની મુખ્ય પાઈપલાઈન ચાવંડ પંપિંગ સ્ટેશન ઉપર વિવિધ જોડાણ કામગીરી શરૂ છે. આ કામગીરીને કારણે ચાવંડ પંપિંગ સ્ટેશન ઉપરથી પાણી પુરવઠો મેળવવા જૂનાગઢ જિલ્લાની વિવિધ ૪ જૂથની પાણી પુરવઠા યોજનાઓમાં સમાવિષ્ટ લાભાર્થી શહેર અને ગામોને આજ તા.૨૩ જુલાઈ,૨૦૨૪ (મંગળવાર) થી તા.૨૭ જુલાઈ,૨૦૨૪ (શનિવાર) એમ આ પાંચ દિવસ શટડાઉન રહેશે. આ કામગીરીને ધ્યાને લઈ પાણી વિતરણ થઈ શકે તેમ ન હોય નાગરિકો સુધી પાણીનો પુરવઠો પહોંચી શકશે નહિ. તમામ ગ્રામ પંચાયત તથા નગરપાલિકાઓને આ સમય દરમ્યાન સ્થાનિક સોર્સમાંથી કે પીવાના પાણીની અન્ય વૈકલ્પિક વ્યવસ્થા સ્થાનિક કક્ષાએ કરવી, તેમ જૂનાગઢ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યપાલક ઈજનેર દ્વારા એક અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજકોટની DWPS ખાતે

# વિશ્વની સૌથી મોટી યુવા સંસ્થા ઈન્ડિયાઝ ઈન્ટરનેશનલ મૂવમેન્ટ ટુ યુનાઈટેડ નેશન્સ (IIMUN)ની ત્રણ દિવસીય કોન્ફરન્સનું સૌરાષ્ટ્ર ભૂમિના મીડિયા પાર્ટનર સાથે પ્રતિષ્ઠિત મહાનુભાવોની હાજરીમાં ઉત્કૃષ્ટ ઉદઘાટન

## IIMUN રાજકોટ કોન્ફરન્સ ૨૦૨૪માં અમારા ઓફિશિયલ મીડિયા પાર્ટનર તરીકે સૌરાષ્ટ્ર ભૂમિને હોસ્ટ કરવાનું અમારા માટે સન્માનની વાત છે










(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૨

આદિકાળથી લઈને આજ સુધી, વિશ્વમાં બધી જગ્યાએ યુવાનોનો મહિમા કાયમ રહ્યો છે. યુવાનોએ દેશનું વર્તમાન હોય છે અને તેઓ દેશના ભવિષ્યને ઉજ્જવળ અને સોનેરી બનાવી શકે છે. પરંતુ તેના માટે યુવાનો કૌશલ્યથી ભરપૂર હોય તે જરૂરી છે. યુવાનોને કૌશલ્યવાન બનાવવાનું મહત્ત્વ વિશ્વના દેશો સમજે તથા તેને વધુ વેગ મળે તેમજ વર્ષ ૨૦૨૪ના વિશ્વ યુવા કૌશલ્ય દિવસની થીમ છે "શાંતિ અને વિકાસ માટે યુવા કૌશલ્ય". સામાન્ય રીતે આ દિવસે યુનાઈટેડ નેશન્સ દ્વારા વિવિધ વિશેષ ઈવેન્ટ યોજવામાં આવે છે. ઉપરાંત અન્ય કાર્યક્રમો પણ થતા હોય છે. જે વિશ્વના બદલતા પરિદ્રશ્યમાં યુવાનોના કૌશલ્ય ઘડતરની દિશા પૂરી પાડે છે. હાલમાં વિશ્વમાં એ.આઈ. (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)નું મહત્ત્વ વધ્યું છે અને એ.આઈ.ના કારણે વિશ્વમાં માત્ર ટેક્નોલોજી જ નહીં, પરંતુ અનેક બાબતો બદલાવા જઈ રહી છે. વર્તમાન સમય એ યુવાનોનો સમય છે. સમગ્ર વિશ્વમાં હાલમાં ભારત દેશમાં યુવાનોની સંખ્યા વધુ છે. વિશ્વ બેન્કના એક અંદાજ મુજબ, ભારતની આશરે કુલ ૧૪૦ કરોડથી વધુની વસતીમાં ૮૧ કરોડથી વધુ લોકો ૩૫ વર્ષની નીચેના છે. આમ ભારત હાલ યુવાનોનો દેશ છે. સમગ્ર વૈશ્વિક પરિદ્રશ્યમાં ભારત દેશ ખૂબ જ ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે.દેશના યુવાનોની શક્તિને પારખતા અને તેને કૌશલ્યવાન બનાવીને વિશ્વસ્તરે ભારતની પ્રગતિમાં યુવાનોની ભાગીદારી વધારવાના હેતુથી રાજકોટની **DWPS** ખાતે ત્રણ દિવસીય ઈન્ડિયાઝ ઈન્ટરનેશનલ મૂવમેન્ટ ટુ યુનાઈટેડ નેશન્સ (**IIMUN**)નું ઉદઘાટન ખૂબ જ ધામધૂમથી કરવામાં આવ્યું હતું. વિશ્વની સૌથી મોટી યુવા સંસ્થાએ તેના રાજકોટ ચેપ્ટરનું સંચાલન ૨૨૦ શહેરો અને ૩૫ દેશોમાં વિશ્વને ભારતીય રીતે એક કરવાના પ્રયાસો વચ્ચે કર્યું. ઉદઘાટન સમારોહ, પ્રતિષ્ઠિત મહાનુભાવોની હાજરીમાં, ૧૬:૦૦ કલાકે **IST** પર રાષ્ટ્રગીત વગાડીને, આપણી પ્રિય માતૃભૂમિ, ભારતને શ્રદ્ધાંજલિ આપીને એક વિચાર-પ્રેરક વાર્તાલાપ સત્ર શરૂ થયો હતો..

આ શૈક્ષણિક ઉત્કૃષ્ટતાના મુખ્ય અતિથિઓ અન્ય કોઈ નહીં પરંતુ જાણીતા આર્મી જનરલ ડૉ. યશરાજ સિંહ મોર અને સનસનાટીભર્યા અભિનેતા શ્રી પ્રિત ખમાની હતા. આ ઉપરાંત માનનીય મુખ્ય વક્તા તરીકે ડૉ. પવન દ્વિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

ઈવેન્ટની શરૂઆત ઔપચારિક દિયા લાઈટિંગથી થઈ હતી, જે જ્ઞાનના પ્રકાશ દ્વારા અંધકારને નાબૂદ કરવાનું પ્રતીક છે, ત્યારબાદ **IIMUN** પર એક સમજદાર વિડિયો પ્રેઝન્ટેશન, તેના હેતુ અને મિશન પર પ્રકાશ પાડ્યો હતો. **IIMUN** ખાતેના ચાર્જ ડી'અફેર્સે ઉત્સાહી શ્રોતાઓને ટૂંકા છતાં ઉષ્માભર્યા ભાષણ સાથે આવકાર્યા, જે અનુસરવા માટે આકર્ષક કાર્યવાહીનો સૂર સેટ કર્યો.સંલગ્ન કાર્યક્રમ ચાલુ રાખીને, જનરલ મોર સાથેનું એક વિચાર-પ્રેરક વાર્તાલાપ સત્ર "તેમના આર્મી પાસેથી શીખવા" ની આસપાસ ફરતું હતું.

આ કાર્યક્રમમાં શિવ ડાન્સ એકેડેમી દ્વારા મંત્રમુગ્ધ કરનાર પર્ફોર્મન્સ દ્વારા સાંસ્કૃતિક ઉત્કૃષ્ટતાને વધુ ઉત્તેજિત કરવામાં આવી હતી, જેણે પ્રેક્ષકોને મોહિત કર્યા હતા અને તેમને મંત્રમુગ્ધ કરી દીધા હતા.શ્રી પ્રિત કામાણીએ, જીવનના વિવિધ પાસાઓમાં વિદ્યાર્થીઓને આંતરદૃષ્ટિ આપીને, તેમની મૂલ્યવાન આંતરદૃષ્ટિ અને પરિપ્રેક્ષ્ય સાથે પ્રસંગને આકર્ષિત કર્યો.

આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતમાં ૩૦ પ્રતિષ્ઠિત શાળાઓના ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓનો વિશાળ મેળાવડો જોવા મળ્યો હતો, જેણે આ પ્રસંગમાં એકતા અને વિવિધતાની ભાવના ઉમેરી હતી.

**IIMUN**નો ઉદઘાટન સમારોહમાં ભવ્યસહયોગ, જ્ઞાનની વહેંચણી અને સાંસ્કૃતિક સંવાદિતાનો સાર દર્શાવવામાં આવ્યો હતો. ત્યારપછીના દિવસો યુવાનોમાં વૈશ્વિક સૌહાર્દની ભાવનાને ઉત્તેજન આપતા, વધુ જ્ઞાનવર્ધક અને આકર્ષક બની રહેશે. **IIMUN** રાજકોટ કોન્ફરન્સ ૨૦૨૪માં અમારા ઓફિશિયલ મીડિયા પાર્ટનર તરીકે સૌરાષ્ટ્ર ભૂમિના ભવ્યસહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ ઈવેન્ટનું સંચાલન ગરિમા વાધવાણીએ કર્યું હતું.

**IIMUN** વિશે સંક્ષિપ્તમાં....

સ્થાપના: ૨૦૧૧/૧૨

વિઝન: ચર્ચાઓ, સંવાદો અને પરિષદો દ્વારા ભારતના વિચારને ફેલાવીને વિશ્વને એક કરવા માટે, જે આવતીકાલના નેતાઓને ભારત વિશે જાણવા માટે સક્ષમ બનાવે છે.

બોર્ડના સભ્યો- **IIMUN**: પી.ટી. ઉષા, ડૉ. શશિ થરૂર, શ્રી દીપક પારેખ, શ્રી અજય પીરામલ, શ્રી નાદિર ગોદરેજ, સશસ્ત્ર દળોના વડાઓ, એ.આર. રહેમાન, અન્યો વચ્ચે

એકંદર ટીમ: ૧૬-૨૨ વર્ષની વયના ૨૬,૦૦૦ વિદ્યાર્થીઓ. જેમાંથી ઘણા તેમના સમય પછી સરકારના ચૂંટાયેલા સભ્યો, અભિનેતાઓ, વેપારી નેતાઓ બન્યા છે

એકંદર અસર: ૨૨૦ શહેરો અને ૩૫ દેશોમાં કોન્સર્સ દ્વારા ૧૩-૧૯ વર્ષની વયના ૫ કરોડ વિદ્યાર્થીઓ

અગાઉના વક્તાઓ: સાનિયા મિર્ઝા, સુનિલ છેત્રી, પીટી ઉષા, મોહન ભાગવત, કિરણ બેદી, ૩૨ રાષ્ટ્રના વડાઓ, ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનાના વડાઓ, મોહન ભાગવત, રાહુલ ગાંધી, હોલીવુડ અને બોલિવૂડના દિગ્ગજ કલાકારો આલિયા ભટ્ટ, પરિણીતી ચોપરા, રણવીર સિંહ, રોહિત શેટ્ટી. , કરણ જોહર, નકુલ મહેતા, એકેડેમી પુરસ્કાર વિજેતા, નોબેલ વિજેતાઓ, અન્ય ૩૦,૦૦૦ લોકોમાં.

પદ્ધતિ: અમે ૭૫૦૦ સંસ્થાઓમાં શાળા સ્તરે પ્રથમ ૩-૪ દિવસીય પરિષદો એકસાથે મૂકી, ત્યારબાદ વિજેતાઓ ૨૨૦ શહેરો અને ૩૫ દેશોમાં ભેગા થયા. આ મુંબઈ/યુએન મુખ્યાલય-ન્યૂયોર્કમાં સમાપન સાથે સમાપ્ત થાય છે. વિદ્યાર્થીઓ યોગ, આયુર્વેદ શીખે છે અને ત્યારબાદ ભારતીય પરિપ્રેક્ષ્યમાં વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરે છે- અહીં અમારી પાસે વિષયો અને અભ્યાસ સામગ્રી છે જે આપણા સમૃદ્ધ ઈતિહાસ અને સંસ્કૃતિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે- જેમ કે 'અર્થશાસ્ત્રનો અભ્યાસ કરો અને ઈઝરાયેલ-પેલેસ્ટાઈનને ઉકેલો', 'મહાભારત રોકો' અથવા 'લોકસભા'નું અનુકરણ કરો. ભારતીય ડાયસ્પોરા અને મૂળ વિદ્યાર્થીઓ ભારતીય પોશાક પહેરે છે અને ભારતીય ખોરાક ખાય છે. આ પછી વક્તાઓ ભારતનો વિચાર ફેલાવીને એક વિશ્વની કલ્પના વિશે વાત કરે છે અને કલાકારો ભારતીય ધૂન પર નૃત્ય કરે છે અને ગાય છે. આ સિવાય **IIMUN** એક મેગેઝિન, રાજ્ય-સ્તરીય પરિષદો, એક ઓનલાઈન શ્રેણી અને માસિક જોડાણ ચલાવે છે.

**IIMUN** કેવી રીતે કાર્ય કરે છે: હાલમાં ૬,૦૦૦ વિચિત્ર સક્રિય વિદ્યાર્થી સ્વયંસેવકોની એક ટીમ છે જે શાળાઓમાં આ ૩-૪ દિવસના કાર્યક્રમોનું આયોજન કરવામાં મદદ કરે છે. તેઓ વિદ્યાર્થીઓ સાથે નિયમિતપણે જોડાવા માટે આખા વર્ષ દરમિયાન સંવાદો, પરિસંવાદો અને પ્રવૃત્તિઓ પણ ચલાવે છે, આ બધી સામાન્ય થીમ સાથે યુવાનો વિશ્વને સમજે છે- ભારતીય લેન્સથી. ૬,૦૦૦ વિદ્યાર્થીઓમાંથી કેટલાક કે જેઓ સીધા જ મુંબઈ મુખ્યાલય સાથે કામ કરે છે તેઓ રાજ્ય-સ્તરના કાર્યક્રમોનું આયોજન કરે છે જૈસેંદ્ર ઉદાહરણ-ૈસેંદ્ર જયપુર અથવા **IIMUN** જાપાનના નામ હેઠળ યોજાય છે. વાર્ષિક ફિનાલેનું આયોજન મુંબઈ સ્થિત ટીમ દ્વારા કરવામાં આવે છે.

વધુ વિગતો જાણવા માટે : **https://instagram.com/rishabh shah 2012/(www.Rishabh shah official.com/https://instagram.com/rishabhshah 2012/)**

---

# રાજકોટ કેન્સર સોસાયટીમાં એક જ વ્યકિતમાં લોહીનું કેન્સર અને પ્રોસ્ટેટ કેન્સરની સફળ સારવાર કરતા ઓક્રોલોજીસ્ટ ડૉ. પુજા તન્ના

## કેન્સરનું સમયસર નિદાન અને સારવાર અત્યંત જરૂરી : ડો.પુજા તન્ના

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૨

આજે કેન્સરનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. જેના મુખ્ય કારણમાં તમાકૂ, બીડી, સીગરેટ અને દારૂ જેવી કૂટેવ મુખ્ય જવાબદાર છે. કેન્સરનું નામ સાંભળતા જ દર્દી અને તેના ઘરના સભ્યોના પગ નીચેથી જમીન ખસી જાય છે. કેન્સર પોતાની સાથે બીજી ઘણી બધી મસીબતો પણ લઈ આવે છે. એવા જ એક દર્દીની આજે આપણે વાત કરીએ જેમને એક નહીં પણ બે બે કેન્સરનો ભોગ બનવું પડયું. ૭૫ વર્ષીય વુધ્ધને થાક લાગવો, લોહીના ટકા ઘટી જવા જેવી તકલીફ છેલ્લા ઘણા વર્ષોથી રહેતી હતી. જેના માટે દર્દી ઘણી જગ્યા એ સારવાર લીધી પણ સફળતા મળી નહીં. ત્યારબાદ તેઓ નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાં તપાસ કરાવવા માટે આવેલા અને રાજકોટ કેન્સર સોસાયટીના મેડીકલ ઓક્રોલોજીસ્ટ ડો.પુજા તન્ના દ્વારા પ્રાથમીક તપાસ અને જરૂરી રિપોર્ટ કરાવવામાં આવેલા હતા. ડો.પૂજા તન્ના દ્વારા દર્દીની તપાસ અને જરૂરી રિપોર્ટ બાદ દર્દીને લોહીનું કેન્સર "માયેલોફાઈબ્રોસી"નું નિદાન કરવામાં આવ્યું અને દર્દીને આ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમીક સારવારથી દર્દી આજે સ્વસ્થ છે. જે દર્દીને દરરોજ લોહીની બોટલ(પ્લેટલેટ) ચડાવવા પડતા તેને આજે છેલ્લા ૫ મહિનાથી પ્લેટલેટ બોટલ ચડાવવાની ફરજ પડી નથી. પરંતુ સારવાર દરમ્યાન દર્દીને પેટમાં દુખાવો રહેતો હતો.જેથી ડો. પૂજા તન્ના દ્વારા દૂખાવા માટે જરૂરી લોહીના રિપોર્ટ અને સીટી સ્કેન વગેરે કરાવવામાં આવ્યા હતા. જેમાંથી એમને ત્રીજા સ્ટેજનું પ્રોસ્ટેટ કેન્સરનનું નિદાન થયુ ડો.પૂજા તન્ના દ્વારા પ્રોસ્ટેટ કેન્સર માટેની હાલમાં સારવાર ચાલૂ કરવામાં આવેલી છે અને



સારવારથી દર્દીને બન્ને કેન્સરમાં ઘણી રાહત છે. આ લેખનો ઉદેશ્ય કેન્સર પીડીત દર્દી અને તેમના પરીવારજનો માં વિશ્વાસ વધારવાનો છે કે કેન્સરની ઘણા અંશે સફળ સારવાર ઉપલબ્ધ છે. એટલે કેન્સરથી ડરવું નહીં અને તાત્કાલીક તેની સારવાર કરાવવી જોઈએ.

---

# દેવભૂમિના દરીયા કિનારેથી બિનવારસુ ચરસના પેકેટ મળવાનો સિલસિલો જારી : મોજપના દરિયા કાંઠેથી રૂા.૧૨ કરોડનું ચરસ બરામદ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૨

દેવભૂમિ દ્વારકાના દરીયા કિનારેથી અગાઉ આશરે અડધો ડઝન સ્થળોએથી સમયાંતરે બીન વારસું હાલતમાં ચરસ મળી આવ્યું હતું. જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આ સમગ્ર બાબતને ગંભીરતાથી લઈ, જિલ્લા એસ.ઓ.જી., દ્વારકા પોલીસ, એસ.આર.ડી. તથા જી.આર.ડી સભ્યોને સાથે રાખી દરીયા કીનારા વિસ્તારના મળી આવેલા ચરસ બાબતે આ સમગ્ર વિસ્તારોમાં સ્ટેસ્ટીક પોઈન્ટ નકકી કરી, આ તમામ સ્થળોએ સાધન પેટ્રોલીંગ કામગીરી કરવામાં આવી હતી. જેના અનુસંધાને શનિવારે મીઠાપુર પોલીસ સ્ટાફ તથા એસ.આર.ડી, સભ્યોની ટીમો દ્વારા મીઠાપુર વિસ્તારના મોજપ ગામના દરીયા કીનારા વિસ્તારના પેટ્રોલિંગ દરમ્યાન દ્વારકા નજીક આવેલા મીઠાપુર તાબેના મોજપ ગામના દરીયા કાંઠેથી માદક પદાર્થ ચરસના ૨૧ પેકેટ બીન વારસુ હાલતમાં



મળી આવ્યા હતા. જેમાં ૨૩.૬૮૦ કિલોગ્રામ વજનના આ ઉચ્ચ ક્વોલિટીના ચરસની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૧૧,૮૪,૦૦,૦૦૦ જેટલી થવા પામે છે. આ મુદ્દામાલ જપ્ત કરી, પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય આ અગાઉ પણ દ્વારકા પોલીસ સ્ટેશનના વરવાળા દરીયા કિનારેથી આ રીતે ચરસના ૩૨.૦૫૩ કિલોગ્રામના કુલ ૩૦ મળ્યા હતા. જેની કિંમત રૂા.૧૬,૦૨,૬૫,૦૦૦ જાહેર કરવામાં આવી હતી. મીઠાપુર પોલીસ સ્ટેશન વિસ્તારના શિવરાજપુર તથા મોજપ ગામ દરીયા કિનારેથી રૂા.૪૩.૬૦ લાખનું એક પેકેટ, ચંદ્રભાગા, વાચ્છુ તેમજ ગોરીંજા દરીયા કિનારા વિસ્તારમાંથી રૂા.૧૧.૦૪ કરોડની કિંમતના ૨૨,૭૫૦ કિલો વજનના ૨૦ પેકેટ, તથા શીવરાજપુર ગામના દરીયા કિનારેથી રૂા.૩૪.૩૬ કરોડની કિંમતના ૬૮,૭૨૭ કિલોગ્રામ વજનના ૬૪ પેકેટ બીન વારસુ હાલતમાં મળી આવ્યા હતા. આમ, આ સમગ્ર સીલસીલા દરમિયાન જિલ્લા પોલીસને દ્વારકાના દરિયા કાંઠા વિસ્તારમાંથી કુલ ૭૩,૭૦,૩૫,૦૦૦ ની કિંમતના ૧૪૭.૪૦૮ કિલોગ્રામના ૧૩૬ પેકેટ સાંપડ્યા છે. જે અંગે પોલીસે વિવિધ દિશાઓમાં કાર્યવાહી કરી હતી.

---

# યાત્રાધામ દ્વારકા ખાતે અખંડ હરિનામ સંકીર્તન મંદિરમાં ગુરૂપૂર્ણિમાં મહોત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૨

દ્વારકા ખાતે શ્રી પ્રેમ ભિક્ષુજી મહારાજ પ્રેરિત અખંડ હરિનામ સંકીર્તન મંદિર(રામધૂન)માં અષાઢ સુદ -૧૫ રવિવારના રોજ ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવેલ. નામનિષ્ઠ સંત પૂ.પ્રેમભિક્ષુજી મહારાજને તેમના ગુરૂ શ્રી કાશ્મીરીબાબા પ્રત્યે અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ હોવાના કારણે દર વર્ષે દ્વારકાના સંકીર્તન મંદિરમાં ગુરૂપૂર્ણિમા ઉત્સવ ભકિતમય વાતાવરણમાં ગુરૂના વિશેષ પૂજન સાથે હર્ષોલ્લાસથી ઉજવાય છે. જે અનુસાર ૧૦:૩૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી અભિષેક પૂજા-આરતી તથા ગુરૂપૂજનનો કાર્યક્રમ યોજાયો. ગુરૂ પૂજન વૈદિક મંત્રોચ્ચાર સાથે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા કરવામાં આવેલ ત્યારબાદ બપોરે ૧૨:૩૦ કલાકે ગુરૂપ્રસાદી (ભોજન) તથા સાંજે ૬:૩૦ કલાકે નગરકિર્તન કાર્યક્રમ યોજાયેલ. નગરકિર્તન શહેરના વિવિધ રાજમાર્ગો ઉપર શ્રી રામ જય રામ જય જય રામ વિજય મંત્રના જયઘોષ સાથે ફરીને પરત રામધૂન ખાતે સમાપ્ત થયેલ.આ સમગ્ર ધાર્મિક કાર્યક્રમોનો શહેરની મોટાભાગની ધર્મપ્રેમી જનતાએ લાભ લીધેલ. તેમજ આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી પ્રેમભિક્ષુજી મહારાજ પ્રેરીત સંકીર્તન મંદિર ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓ તથા શહેરના નામપ્રેમી સ્વયંસેવકોએ જહેમત ઉઠાવેલ હતી.

---

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામના લોહાણા વેપારી નંદલાલભાઈ છગનું અવસાન થતા દીકરીઓએ કાંધ આપી અગ્નિદાહ આપ્યો



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૨

કોડીનાર તાલુકાના ડોળાસા ગામના લોહાણા વેપારી નંદલાલ રણછોડદાસ છગ (ઉ.વ.૬૮)નું ટૂંકી બીમારી બાદ અવસાન થયું હતું. આ યોજાયેલ સ્મશાન યાત્રા દરમ્યાન પુત્રીઓ આરતીબેન, ડો. કોમલબેન અને વિરલબેને કાંધ આપી હતી અને અંતિમ યાત્રા સ્મશાન ગૃહે પહોંચી ત્યાં આ દીકરીઓએ અગ્નિદાહ પણ આપી સામાજિક ફરજ અદા કરી હતી.

---

# દ્વારકા તાલુકામાં ભારે વરસાદના પગલે ફૂડ પેકેટ વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૨

દ્વારકા તાલુકામાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ નોંધાયો છે. ત્યારે આવળપરા, જલારામ ગોપાલ ગરેડો, રૂપેણ બંદર અને **NDH** હાઈસ્કુલ ખાતે તંત્ર દ્વારા ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે.

---

મદદ. સંશો. વૈજ્ઞા. ફળ સંશોધન કેન્દ્ર

જુનાગઢ કૃષિ યુનીવર્સીટી, માંગરોળ જી.જુનાગઢ

**દિવાલ ઉપર તારથી ફેન્સીંગ કરવા અંગેની જાહેરાત**

ફાર્મના પ્લોટ નં. ૧૩/૨ ની દીવાલ નીચી હોવાથી ફેન્સીંગની કામગીરી કરવાની છે. જે દીવાલ ની લંબાઈ ૨૬૦ મીટર છે. જેમાં દીવાલ ઉપર કાંટા વાળા તાર તેમજ એંગલની મદદથી ફેન્સીંગની કામગીરી કરવાની છે. વધુ માહિતી, ભાવ ભરવાનું પત્રક, કામની શરતો વગેરે વિગતો www.jau.in પરથી તારીખ ૨૩/૦૭/૨૪ થી ડાઉનલોડ કરી નિયત પત્રકમાં ભાવ તા. ૦૪/૦૮/૨૪ સુધી સ્વીકારવામાં આવશે. ભાવ સાથે ટેન્ડર ફીની રકમ(નોન - રિફંડેબલ) પેટેના રૂ. ૫૦૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ " Asstt. Res. Sci. Fru. Res. Station J.A.U. - Mangrol " નામનો માંગરોળ ખાતે ચુકવવા પાત્રનો જોડવાનો રહેશે.

માહિતી/જુના/જા.ખ./૨૧૫/૨૪

:: જાહેર નોટીસ ::


આથી હું નીચે સહી કરનાર જે.એસ.બાસઠીયા, એડવોકેટ ઓ.-ક્રિસ્ટલ મોલ, ચોથા માળે, ૪૦૮, ચીતાખાના ચોક, જૂનાગઢવાળા તે અમારા અસીલશ્રી મહંમદ આસીમ અબ્દુલસમદ બીનહમીદના કુલમુખ્તીયાર બીનહમીદ મોહમદ ઈસ્તેહાક મો.આસીમ, રહે.વડોદરાવાળાની રૂબરૂ સુચના તથા ફરમાઈશ અનુસાર આ નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે, (૧)મોજે જૂનાગઢ સીટી વિસ્તારમાં આવેલ સીટી સર્વે નં.-૯૧૩ બ્લોક નં.૩ ક્ષેત્રફળ ૨૯૯.૯૮ ચો.વાર છે જે હોમગાર્ડ કચેરીની બાજુમાં આવેલ છે જે હાલ લોહાણા સમાજ વાડી તરીકે ઓળખાય છે તે જગ્યામાં ગેરકાયદેસર બનાવટી દસ્તાવેજો ખોટા વારસદારો ઉભા કરી અને બનાવેલા છે. જે બનાવટી દસ્તાવેજ ઉભા કરેલા છે તેમની વિરૂધ્ધ અમોના અસીલે પોલીસ ફરીયાદ કરેલ છે, મિલ્કત બાબતે જૂનાગઢની નામદાર કોર્ટમાં પણ ક્રીમીનલ કેસ નં.-૧૯/૧૮થી ફરીયાદ કરેલ છે. જે હાલ પેન્ડીંગ છે, હાલ અમારા અસીલને જાણવા મળેલ કે હાલના લોહાણા સમાજના ટ્રસ્ટી દ્વારા મિલ્કત વેંચાણ કરવાની તજવીજ ચાલુ હોય, જેથી આ મિલ્કત કોઈપણ વ્યકિતઓએ વેચાણ રાખવી નહી, વેચાણ રાખવામાં આવશે તો તે અંગેની તમામ જવાબદારી વેચાણ લેનારની રહેશે, જે અમારા અસીલને દસ્તાવેજ બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી અગાઉ મારા અસીલ દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૮ના રોજ મિલ્કત બાબતે પેપર નોટીસ આપેલ છે, આ નોટીસ અમારા અસીલની સુચના અને ફરમાઈશ અનુસાર આપવામાં આવેલ છે.


અમારા અસીલની રૂબરૂ સુચના મુજબ
જે.એસ.બાસઠીયા(એડવોકેટ)
ક્રિસ્ટલ કોમ્પ્લેકસ, શોપ નં.૪૦૮,
ચીતાખાના ચોક-જૂનાગઢ
મો.નં.૯૮૯૮૩ ૬૦૦૦૬

સ્થળ :- જૂનાગઢ
તારીખ :-૨૦/૦૭/૨૦૨૪

# માણાવદરમાં ૬ કલાકમાં ૮ ઈંચ : રીવરફ્રન્ટ પાણીમાં ગરકાવ

**સમગ્ર માણાવદર વિસ્તાર જળબંબાકાર : રસાલા ડેમ ભયજનક હદે ઓવરફલો : માણાવદર તાલુકાના લીંબુડા, જીંજરી, રોણકી, ગળા, સરદારગઢ, ઈન્દ્રા ગામમાં ૧૨ ઈંચ થી વધુ વરસાદ ખાબક્યો : સમગ્ર તાલુકાના તમામ ગ્રામ્ય રસ્તાઓ બંધ : અનેક ગામોનો સંપર્ક કપાયો : સ્થિતિ ગંભીર**



માણાવદર-જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ શહેર જીલ્લામાં છેલ્લા એક અઠવાડીયા કરતા વધુ સમયથી મેઘરાજા અનરાધાર વરસીને અતિવૃષ્ટીની સ્થિતિ સર્જી દીધી છે. આ લખાઈ રહ્યુ છે ત્યારે પ્રાપ્ત અહેવાલો મુજબ માણાવદર શહેર-તાલુકામાં આજે સવારના ૬ કલાકથી બપોરના ૧ કલાક સુધી દે...ધના...ધન સાંબેલાધારે ૮ ઈંચ વરસાદ ખાબકતાં સમગ્ર તાલુકો જળબાંબાકાર થઈ ગયો છે. અતિભારે વરસાદને કારણે માણાવદર શહેરમાં આવેલ રીવરફ્રન્ટ ડુબી ગયો છે. જયારે શહેર નજીક આવેલ ઐતિહાસીક રસાલા ડેમ ભયજનક રીતે ઓવરફલો થઈ રહ્યો છે. માણાવદરના લોકોના જણાવ્યા મુજબ રસાલા ડેમ ઈતિહાસમાં પ્રથમ વાર આટલી હદે ઓવરફલો થયો છે. અને ડેમના નીચાણવાળા વિસ્તારમાં સર્વત્ર પાણી ભરાઈ ગયા છે. માણાવદરના અમારા પ્રતિનિધી ગીરીશ પટેલે જણાવ્યા મુજબ માણાવદર તાલુકાના લીંબુડા, જીંજરી, રોણકી, સરદારગઢ, ગણા, ઈન્દ્રા ગામમાં ૧૨ ઈંચ વરસાદ નોંધાયો છે. જેને કારણે આ તમામ ગામોમાં પાણી પ્રવેશી ગયા છે. માણાવદર તાલુકાના મોટાભાગના ગ્રામ્ય રસ્તાઓ પાણીમાં ડુબી જતાં સંખ્યાબંધ ગામોનો સંપર્ક કપાઈ ગયો છે.

આ લખાઈ રહ્યું છે ત્યારે પણ માણાવદર ખાતે ધોધમાર વરસાદ પડી રહ્યો છે. માણાવદર તાલુકાનો સરેરાશ વરસાદ ૯૨૦ મીમી છે. જેની સામે આ વર્ષે જુલાઈ મહિનામાં જ ૧૨૫૪ મીમી વરસાદ નોંધાયો છે જે સરેરાશ કરતાં ૧૩૬ ટકા છે.

જૂનાગઢ જીલ્લાના તમામ ૧૦ તાલુકાઓમાં શરૂઆતથી જ અનરાધાર વરસાદ પડી રહ્યો છે. છેલ્લા ૨૦ દિવસથી સમગ્ર જીલ્લામાં મેઘરાજાએ તોફાની બેટીંગ કરી છે. આજે જૂનાગઢ જીલ્લાનો સરેરાશ ૧૦૨ ટકા વરસાદ નોંધાઈ ચુકયો છે. જેમાં માણાવદરમાં ૧૩૬ ટકા, વંથલીમાં ૧૨૪ ટકા, મેંદરડામાં ૧૧૦ ટકા, જૂનાગઢ શહેર અને ગ્રામ્યમાં ૧૦૩ ટકા વરસાદ નોંધાયો છે એટલે કે, જીલ્લાના પાંચ તાલુકાઓમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે જીલ્લાના અન્ય તાલુકાઓમાં માળીયાહાટીનામાં ૯૫ ટકા, વિસાવદરમાં ૯૫ ટકા, કેશોદમાં ૭૨ ટકા, માંગરોળમાં ૭૨ ટકા અને ભેસાણમાં ૭૦ ટકા વરસાદ નોંધાયો છે.

આજે જૂનાગઢ જીલ્લાના ૧૦ તાલુકાઓમાં સૌથી વધુ વરસાદ માણાવદર બાદ માળીયા હાટીના ખાતે ૧૩૨ મીમી (૫.૫ ઈંચ), વિસાવદર ખાતે ૧૦૦ મીમી (૪ ઈંચ), કેશોદ ખાતે ૭૫ મીમી (૩ ઈંચ), જૂનાગઢ ૫૦ મીમી (૨ ઈંચ), માંગરોળ ૫૦ મીમી (૨ ઈંચ), વંથલી ૩૮ મીમી, ભેસાણ ૧૪ મીમી અને મેંદરડામાં ૧૭ મીમી વરસાદ નોંધાયો છે.

જૂનાગઢ જીલ્લામાં પડી રહેલા ભારે વરસાદને કારણે સમગ્ર જીલ્લામાં અતિવૃષ્ટીની સ્થિતિનું નિર્માણ થયું છે અને લોકો હવે મેઘરાજા ખમૈયા કરે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. જૂનાગઢ શહેર નજીક આવેલ ગીરનાર પર્વત વિસ્તારમાં પણ તોફાની વરસાદ પડી રહ્યો છે.

## માણાવદરના થાનીયાણા નજીક પાણીમાં ડુબી જતા યુવકનું મોત

માણાવદર તા.૨૨ : માણાવદરના થાનીયાણા ગામ નજીક આવેલ ધુંધવી નદીના ચેકડેમ નજીક પગ લપસી જતા ઉંડા પાણીમાં ડુબી જતા યુવાનનું મોત નિપજયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસ મથકે મેણંદભાઈ બધાભાઈ વારસુરે જાહેર કરેલ કે પોતાના મૃતક પુત્ર નવનીતભાઈ (ઉ.વ.૨૫)વાળાઓ જીંજરી ગામ તરફ ચાલીને જતા હોય દરમ્યાન ધુંધવી નદીના ચેકડેમ પાસે રોડની અંદરની સાઈડ બાથરૂમ કરવા જતા અકસ્માતે પગ લપસી જતા ઉંડી પાણીમાં ડુબી જતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢ શહેરમાં ધોરાજીવાલા મેમણ જમાતખાનાની જર્જરીત ઈમારત ધરાશાયી

**જર્જરીત ઈમારત ઉતારી લેવા જૂનાગઢ મનપાએ પણ નોટીસ આપી હતી : ટ્રસ્ટીઓની અક્ષમ્ય બેદરકારી બહાર આવી : વકફબોર્ડમાં ગેરરીતી અંગેની ફરિયાદ પણ થયેલ છે**




જૂનાગઢ તા.૨૨

સતત પડી રહેલા ભારે વરસાદને પગલે જૂનાગઢ શહેરમાં ઝાલોરાપા વિસ્તારમાં જુની અઝંટા ટોકીઝ, બુકરફળીયા ખાતે આવેલ ધોરાજીવાલા મેમણ જમાતખાનાની અત્યંત જુની અને જર્જરીત ઈમારત આજે ધરાશાયી થઈ ગઈ હતી. જોકે, સદ્‌નસીબે કોઈ જાનહાની કે ઈજા થયેલ નથી. પરંતુ ઈમારતનો કાટમાળ વાહનો અને ઉપર પડતાં વાહનોનો બુકડો બોલી ગયો છે. આજે સવારે લગભગ ૧૦ કલાકના અરસામાં આ ઘટના બની હતી. સદ્‌નસીબે તે વખતે કોઈ ટ્રાફીક હતો નહીં અને શાળાના બાળકો પણ આ વિસ્તારમાંથી રવાના થઈ ગયા હોય કોઈ મોટી હલચલ હતી નહીં, જેના કારણે કોઈ મોટી ઘટના સર્જાઈ નથી.

ધોરાજીવાલ મેમણ જમાતખાનાની ઈમારત અત્યંત જર્જરીત હતી અને જૂનાગઢ મહાનગરપાલીકાએ પણ ઈમારત ઉતારી લેવા નોટીસ આપી હોવાનું જાણવા મળેલ છે. પરંતુ મેમણ જમાતખાનાના ટ્રસ્ટીઓની આ બાબતે અત્યંત બેદરકારી બહાર આવી છે અને મેમણ જમાતખાના ટ્રસ્ટીઓ આ નોટીસને પણ ઘોળીને પી ગયા છે.

બીજી તરફ ધોરાજીવાલા મેમણ જમાત ટ્રસ્ટમાં થયેલ ગેરવહીવટ અંગે જૂનાગઢના અરજદાર મોહમદ યાકુબ વીંધાએ સામાવાળા ધોરાજીવાલા મેમણ જમાતના ટ્રસ્ટીઓ મો.સીદીક કાસમ ચામડીયા સહિતના લોકોને નોટીસ આપવામાં આવી છે જેમાં આવતીકાલે તા.૨૩ જુલાઈએ વકફ બોર્ડની કચેરી ડો.જીવરાજ મહેતા ભવન, જૂના સચીવાલય, ગાંધીનગર ખાતે સુનાવણી રાખવામાં આવેલ છે. તેમ વકફ બોર્ડના કચેરી અધિક્ષક એમ.એ. શેખની સહી સાથેના પત્રમાં જણાવવામાં આવ્યું છે. ત્યારે ધોરાજીવાલા મેમણ જમાત ટ્રસ્ટની માલિકીના જમાતખાનાની જર્જરીત ઈમારત ધરાશાઈ થઈ જવાના પગલે અનેક સવાલો ઉઠી રહ્યા છે.

જૂનાગઢ શહેરમાં આજે સવારથી જ ધોધમાર વરસાદ પડી રહ્યો છે જેના પગલે સર્વત્ર પાણી પાણી થઈ ગયું છે.


## ૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

**ફાયદા :**

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**

**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**

**જૂનાગઢ**


## ઉપલા દાતાર ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ ઉપલા દાતારની ધાર્મિક જગ્યામાં ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે પૂજ્ય ભીમબાપુ દ્વારા ગુરૂવરની સમાધિઓ પટેલ બાપુ અને વિઠ્ઠલ બાપુની સમાધીનું પૂજન અને પૂજય ભીમબાપુનું પણ પૂજન કરી અને બપોરે મહાપ્રસાદ અને સાંજે ભવ્ય સંતવાણીના કાર્યક્રમમાં આટલી ઊંચાઈ ઉપર આવેલી દાતાર બાપુની ધાર્મિક જગ્યામાં વરસતા વરસાદે પણ ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને દાતાર બાપુના દર્શન કરી અને ધન્ય બન્યા હતા.

## બલીયાવડ ગામે ઘરમાંથી જુગાર કલબ ઝડપાઈ રૂા.૬.૫૮ લાખના મુદ્દામાલ સાથે ૬ શખ્સો ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ તાલુકાના બલીયાવડ ગામે ઘરમાં ચાલતી જુગારની કલબ પર જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડી ૬ શખ્સોને ૬.૫૮ લાખના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી પાડયા છે. જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બલીયાવડ ગામે રહેતા ભીખુભાઈ ભીમભાઈ વાળાના સુર્યપુજા નામના મકાને દરોડો પાડતા મકાન માલીક બહારથી માણસો બોલાવી પોતાના આર્થિક ફાયદા સારૂ નાલના પૈસા ઉઘરાવી જુગારની કલબ ચલાવતા મકાન માલીક સહિત ૬ શખ્સોને રૂા.૬૪૮૯૦ તથા નાલના રૂા.૧૩,૧૦૦ મળી કુલ રોકડ રૂ.૭૭૯૯૦, ૪ મોબાઈલ ફોન કિ.રૂા.૫૧,૦૦૦, ૧ ફોર વ્હિલર કાર કિ.રૂ.૫,૦૦,૦૦૦ અને ૧ મોટર સાયકલ કિ.રૂ.૩૦,૦૦૦/- મળી કુલ કિ.રૂા.૬,૫૮,૯૯૦/- ના મુદામાલ સાથે ઝડપી લઈ જુગારધારા ૪ ૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ડી.કે.સરવૈયાએ હાથ ધરી છે.

## જૂનાગઢનાં ગોરક્ષનાથ આશ્રમના મહંત શેરનાથ બાપુનાં સાંનિધ્યમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

ગઈકાલે જૂનાગઢ સહીત સોરઠભરમાં ગુરૂપૂર્ણિમાની ભવ્યતાથી ઉજવણી કરવામાં આવી હતી. અનેક આશ્રમોમાં ભકતોએ ગુરૂજીનાં આર્શિવાદ મેળવી ધન્યતા અનુભવી હતી. તયારે જૂનાગઢનાં ગોરક્ષનાથ આશ્રમનાં મહંત શેરનાથ બાપુએ તેમની ભુતકાળની વાતોને ભકતો સમક્ષ વાગોળી હતી.

ગુરૂપૂર્ણિમાનો પાવન દિવસ છે. એવું કહેવાય છે કે દરેક વ્યક્તિએ પોતાના જીવનના મૂલ્યો પોતાના જીવનની શિખ અને પોતાનું જીવન કઈ રીતે જીવવું તે જો શીખવું હોય તો ગુરૂ પાસેથી શીખવું પડે. જૂનાગઢના ગોરક્ષનાથ આશ્રમના મહંત શેરનાથ બાપુ દ્વારા તેમના ભૂતકાળની વાતો વાગોળવામાં આવી હતી અને તેમના ગુરૂને તેમણે યાદ કર્યા હતા. ગુરૂ માટે શિષ્ય શું કરતા હોય છે અને કેવી રીતે હંમેશા ગુરૂને અવ્વલ દરજ્જે રાખતા હોય છે તેનું સવિશેષ વાત પણ કરી હતી.